प्रेमभक्ति-ग्रन्थमाळा

प्रेमभक्ति-भजनावलि

(शोधित-वर्धित)

श्री

न्हानालाल दलपतराम कवि

હવે પછી છપાશે

ઇન્દુકુમાર, અંક ૩ જો

કેટલાંક કાવ્યો, ભાગ ૩ જો

ગીતમંજરી, ભાગ ૨ જો

પ્રસ્તાવમાળા

વિચારણા

ધર્મમન્થન

કુરુક્ષેત્રના કાંડો

१९, કુરુક્ષેત્ર, દ્વાદશ કાંડ, મહાસુદર્શન(૨જી આવૃત્તિ) ૧૯૨૭
૨૦, ઉદ્‌બોધન (૨જી આવૃત્તિ) ૧૯૨૭
૨૧, અર્ધશતાબ્દિના અનુભવબોલ (૨જી આવૃત્તિ) ૧૯૨૭
૨૨, સંસારમન્થન (૨જી આવૃત્તિ) ૧૯૨૭
૨૩, વિશ્વગીતા (૨જી આવૃત્તિ) ૧૯૨૭
૨૪, ઇન્દુકુમાર, અંક ૨ જો (૨જી આવૃત્તિ) ૧૯૨૭
૨૫, ન્હાના ન્હાના રાસ, ભાગ ૨ જો (૨જી આવૃત્તિ) ૧૯૨૮
૨૬, ગીતમંજરી ૧૯૨૮
૨૭, જહાંગીર–નૂરજહાન (૨જી આવૃત્તિ) ૧૯૨૮
૨૮, કુરુક્ષેત્ર, ચતુર્થ કાંડ, ચોધપર્વણી ૧૯૨૮
૨૯, કુરુક્ષેત્ર, પંચમ કાંડ, પ્રતિજ્ઞાદ્વન્દ્વ ૧૯૨૮
૩૦, કુરુક્ષેત્ર, એકાદશ કાંડ, શરશય્યા ૧૯૨૯
૩૧, કુરુક્ષેત્ર, દ્વિતીય કાંડ, હસ્તિનાપુરના નિર્ઘોષ ૧૯૩૦
૩૨, શાહાનશાહ અકબરશાહ ૧૯૩૦
૩૩, પાંખડીઓ ૧૯૩૦
૩૪, કુરુક્ષેત્ર, દશમ કાંડ, કાળનો ડંકો ૧૯૩૦
૩૫, સંબોધન ૧૯૩૦
૩૬, દામ્પત્યસ્તોત્રો ૧૯૩૧
૩૭, શિક્ષાપત્રી, સમશ્લોકી ૧૯૩૧
૩૮, બાળકાવ્યો ૧૯૩૧
૩૯, ઉપનિષત્‌પંચક ૧૯૩૧
૪૦, સંઘમિત્રા ૧૯૩૧

પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

	પ્રથમાવૃત્તિની સાલ
૧, કેટલાંક કાવ્યો, ભાગ ૧લો (૨જી આવૃત્તિ)	૧૯૦૩
૨, રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ (૩જી આવૃત્તિ)	૧૯૦૩-૦૫-૧૧
૩, વસન્તોત્સવ (૩જી આવૃત્તિ)	૧૯૦૫
૪, કેટલાંક કાવ્યો, ભાગ ૨જો (૨જી આવૃત્તિ)	૧૯૦૮
૫, ઇન્દુકુમાર, અંક ૧ લો (૩જી આવૃત્તિ)	૧૯૦૯
૬, ન્હાના ન્હાના રાસ, ભાગ ૧ લો (૭મી આવૃત્તિ)	૧૯૧૦
૭, શ્રીમદ્ ભગવદ્‌ગીતા, સમશ્લોકી (૨જી આવૃત્તિ)	૧૯૧૦
૮, જયા-જયન્ત (૪થી આવૃત્તિ)	૧૯૧૪
૯, મેઘદૂત, સમશ્લોકી (૩જી આવૃત્તિ)	૧૯૧૭
૧૦, ઉષા (૫મી આવૃત્તિ)	૧૯૧૮
૧૧, ચિત્રદર્શનો	૧૯૨૧
૧૨, રાજર્ષિ ભરત (૨જી આવૃત્તિ)	૧૯૨૨
૧૩, પ્રેમકુંજ (૨જી આવૃત્તિ)	૧૯૨૨
૧૪, પ્રેમભક્તિ-ભજનાવલિ (૨જી આવૃત્તિ)	૧૯૨૪
૧૫, સાહિત્યમન્થન	૧૯૨૪
૧૬, વૈષ્ણવી ષોડશ ગ્રન્થો, સમશ્લોકી	૧૯૨૫
૧૭, શકુન્તલાનું સંભારણું (૨જી આવૃત્તિ)	૧૯૨૬
૧૮, કુરુક્ષેત્ર, પ્રથમ કાંડ, યુગપલટો (૩જી આવૃત્તિ)	૧૯૨૬

પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

પ્રેમભક્તિ-ભજનાવલિ

(શોધિત-વર્ધિત નવીન આવૃત્તિ)

ન્હાનાલાલ દલપતરામ કવિ

मद्भक्ता यत्र गायन्ति, तत्र तिष्ठामि, नारद ।

વિ. સં. ૧૯૮૮ ઇ. સ. ૧૯૩૧

કીંમત દોઢ રૂપીઆ

પ્રકાશક : ન્હાનાલાલ દલપતરામ કવિ,
ભદ્ર, અમદાવાદ, નં. ૧

૧લી આવૃત્તિ (૫૧ ભજનો) ૧૯૨૪ પ્રત ૧૫૦૦
૨જી આવૃત્તિ (૧૦૨ ભજનો) ૧૯૩૧ પ્રત ૧૨૫૦

મુદ્રક તથા મુદ્રણસ્થાન
ગજાનન વિશ્વનાથ પાઠક
આદિત્ય મુદ્રણાલય, રાયખડ રોડ, અમદાવાદ.

આતમની નમણું

લાગી જેના જીવનની તાળી જગદાત્મ શું હો જી,
વાગ્યાં જેને અવધૂતનાં વચનોનાં બાણ;
ભાગ્યાં જેનાં અન્તરમાં અનુભવનાં ભાલુડાં હો જી,
જાગ્યા જેના પૃથિવિમાં પોઢેલા એ પ્રાણઃ
હજો હમારી આતમની નમણું એવા જોગીને હો જી.

પડદા પડિયા આભ અને આ અન્ધકારના હો જી,
ઢાંકી ઢળિયા જડ ને માયા ને વાણી વેદઃ
વાળી વાડો ચૌદ ને ચૌદ આ બ્રહ્માંડની હો જી,
ભેદી એ સહુ પાયા પરાત્પરના ભેદઃ
હજો હમારી આતમની નમણું એવા જોગીને હો જી.

ગહનતાનાં ખોળ્યાં ગુફાઓ ને ગહ્વરો હો જી,
પીધાં જેણે અગમ્યના પ્યાલાનાં પૂર;
પ્રકૃતિ ને પુરુષનાં પરખ્યાં પારખાં હો જી,
ભીતરિયા જે પામ્યા બ્રહ્મમન્દિરનાં નૂરઃ
હજો હમારી આતમની નમણું એવા જોગીને હો જી.

પ્રસ્તાવના

આપણા પ્રાચીન કાવ્યવિશેષમાં ભજનો અને રાસનાં મ્હને ખાસ આકર્ષણ આવતાં; હજી યે મ્હારો પક્ષપાત ત્ય્હાં ઢળે છે. મ્હારી રાસગીતાવલિઓ છપાઇ ગઇ છેઃ છૂટક છૂટક લખાયેલા મ્હારાં ભજનોની આ ભજનાવલિ આજ ગુજરાતને ધરાવું છું. માત્ર ભક્તિનાં આ ભજનો નથીઃ ભક્તિનાં, પ્રેમનાં, સંસારના ભેદોનાં, મનુષ્યજીવનનાં ઉંડાણોનાં, બ્રહ્માંડશાયી બ્રહ્મનાંઃ એમ પ્રભુ ને પ્રકૃતિ, બ્રહ્મ ને બ્રહ્મલીલા, ને ઉભયની અગોચરતાનાં ગીતોનો આ સંગ્રહ છે. કોઇક ઉપદેશાત્મક છે, થોડાક ભાષાંતર છેઃ કેટલાંક મ્હારી રાસગીતાવલિમાંથી યે આમાં લીધેલાં છે. ભજન એટલે અગમ્યનાં કાંઇક દર્શનનું ઉચ્ચારણ એ પ્રાચીન ને વિશાલ અર્થ આજે યે સાચો છે.

નરસિંહમીરાં જેવાંનાં વૈષ્ણવી–સ્વામીનારાયણી ભજનો એ જ હજી તો આપણો સર્વોત્તમ ભજનભંડાર છે. કારણ એ છે કે એ મહાભક્તોએ ગેબના પડદાઓની પાછળ જોયું હતું, ને ત્ય્હાં જોયું હતું તે જગતમાં ગાયું હતું. ત્હેમણે દર્શન કીધાં હતાં, ને એ બ્રહ્મદર્શનનાં ગીત ગાયાં હતાં. દલપતકાવ્યની નાન્દીમાં દલપતરામ કહે છે કે

વિચિત્ર દેખાવ, વિચિત્ર વાણી,
વિચિત્ર પોષાક, વિચિત્ર પ્રાણી;
વિચિત્ર આ નાટક વિશ્વ નામ,
પેદા કર્યું તે પ્રભુને પ્રણામ.

એ વિરાટનાટકના પડદા સન્મુખની જ રંગભૂમિ આજે તો એટલી નાનારંગી ચિત્રવિચિત્ર ને ભૂલભૂલામણી જેવી બની છે કે વિશ્વના પડદાઓની પાછળ કે આત્માની અતલ ગુફાઓમાં નિરખવાની નવરાશ ઓછાંને છે, ને નિત્યનિત્ય એ ઓછાંમાંથી યે ઓછાં

થતાં જાય છે. મ્હારાં ૪૭ વર્ષના જીવનદિવસોમાં ન્હાનાંમ્હોટાં તીર્થ સન્ત ને ભક્ત કેટલાંક દીઠાં; પણ એ પાંચ દશકની લગભગમાં હૈયાને હલમલાવી નાંખનારા ને પરાત્પરના પરખન્દા બે જ પરમ ભક્તરાજ પેખ્યા છેઃ એક તો નાટકના તખ્તા ઉપર નટ ત્રંબકલાલ —નરસિંહ મહેતાના સ્વાંગમાં; ને બીજા જગતના તખ્તા ઉપર સિન્ધ-હૈદરાબાદની બ્રહ્મસમાજ વાળા ડો. રૂએન.

ભજન એટલે બ્રહ્મપરાયણતા; ભજન એટલે ભક્તનું બ્રહ્મો-પનયનઃ ભજન એટલે અગમ્યના દર્શનનું ઉદ્દગાયન; સકલ દિશાઓ-માંથી આત્માને સંકોરી લેઈને ત્હેનો કિરણજ્યોતિ બ્રહ્મદિશામાં વાળવો. એમ કરતાં કોઈ વેળા સમીપમાં બ્રહ્મદર્શન થાય, કોઈ વેળા દૂર દર્શન થાય; કોઈ વેળા બ્રહ્મઝાંખી થાય, કોઈ વેળા અનિમિશ ઉઘડેલાં નયનકમળને ભરીને બ્રહ્મપ્રકાશ ઉભરાઇ રહે; કોઇ વેળા બ્રહ્મકલાનું તો કોઇ વેળા બ્રહ્માંડના કો ભેદનું દર્શન થાય. ભજનો પણ બ્રાહ્મી સ્થિતિનાં એવાં નિરનિરાળા અનુભવોનાં હોય છે. શ્રીમદ્દ વલ્લભાચાર્ય ને શ્રી સ્વામીનારાયણના વૈષ્ણવી સંપ્રદાયનાં ભજનો મ્હોટે ભાગે કૃષ્ણભક્તિનાં છે. યોગવેદાન્તનાં મરદાની ભજનો ઘણે ભાગે નિર્ગુણને અજાતવાદને શૂન્ય શિખરને ને નિર્ગુણની યે જાહોજલાલીને-વાણીપરને વાણીમાં વર્ણવવા મથે છે. ગીતાની પેઠમ ધીરાની ઘણીખરી કાફીઓ ઉપદેશાત્મક છે. વ્રત ને વાડનાં જૈન સાધુરાજોનાં ભજનો સદાચરણની પરિક્રમણાનાં બહુધા હોય છે. તપસ્વીઓને પ્રાયશ્ચિત્ત દેતાં મહન્તો જેમ પંચાગ્નિ તપાવતા, કાંટાવાળા ગેરબન્ધ મારતા; એમ અખા ભક્ત ભોજા ભક્ત ને સદ્દગુરુ બ્રહ્મા-નંદજી જેવા મહન્તરાજો સંસારને ચાબખા યે મારે છે. પ્રભાતિયાં તો નરસિંહનાં જ. મીરાંનાં ભજનોમાં સ્ત્રીકવિની સુમધુર સુકુમા-તા પમરે છે. જૂનાં નાણાંની પેઠમ જૂનાં ભજનોમાં સોનુંરૂપું વધારે છે.

ઈ. સ. ૧૮૪૮થી ગુજરાતમાં નવો યુગ બેઠો, અને તે હજી સમાપ્ત થયો નથી. આ નવયુગના વ્યક્તિજીવનમાંથી ને સંસારજીવન-

માંથી સારાં ઘણાં વાનાં ઓસરી ગયાં છે, તેમ ભજનો યે ઓસર્યાં છે. ગિરનારના શિવરાત્રીના મેળામાં હજી ભજનની જ ગૂક ગગનમંડળમાં ગાજી રહે છે; જો કે પૃથ્વી ઉપર તો અનેક વિધની પાર્થિવતા ઉભરાય છે. નર્મદાતીરે શૂલપાણીશ્વરનો, શુક્લતીર્થનો, વાત્રકતીરે ઉત્કંઠેશ્વર મહાદેવનો, ઇડરના ડુંગરાઓમાં સામળાજીનો, દંડકારણ્યને સીમાડે દેવકી ઉનાઈનોઃ એ સંઘસમુદાય જોવાના હજી બાકી છે. સ્વામીનારાયણના સામૈયાનો ભક્તિરંગ હવે ઉપટતો જાય છે. આર્યસમાજ પ્રાર્થનાસમાજ થિયોસોફીમાં ભક્તિ કે સમસ્ત આત્માની ભરતીઓ કરતાં બુદ્ધિની છોળો વધારે ઉછળે છે. સાબરના સપ્તસંગમનો વહુઠાનો સમારંભ ને સરસ્વતીતટનો સિદ્ધપુરનો વિશાળ તીર્થસંઘ સંસારી થઇ ગયા છેઃ ધર્મનેતાઓએ ધર્મની પુનઃસ્થાપના ત્ય્હાં બનતી ત્વરાએ કરતી ઘટે છે. નરસીંહમીરાંથી યે પ્રાર્થનામાળામાંનાં ભજનો મહાન ઉંન્નત છે એ સર રમણભાઇનું પક્ષપાતી સાહિત્યવચન ગુજરાતે સ્વીકાર્યું નથી.

આપણા વ્યક્તિજીવનની કથા યે અન્યથા નથી. શરીરનાં ભૂખ્યાં કંઈ કે સાધશે; આત્માનાં ભૂખ્યાંના આ જન્મ ને પરજન્મ ઉભય અપુણ્યે અપવાસી જશેઃ અધ્યાત્મશાળી જીવોને એ સ્મરાવવું પડે એમ છે? ભજનભૂખ્યો સંસારી આ જીવનમાં યે આતમભૂખ્યો ને પરજીવનમાં યે આતમભૂખ્યો રહે છે.

ઉપનિષદની ગહનતા કે ગીતામાંના વિરાટદર્શનની ભવ્યતા કે ભાગવતમાંના ગોપિકાગીતની આરત નવગુજરાતનાં ભજનોમાં કેટલી ઉતરી છે? છતાં યે જૂનાંનવાં ગુજરાતનાં ભજનોની અને ગુજરાતના રાસની પૃથાઓ ભરતખંડમાં બીજે ઓછી છે. સ્વામીનારાયણના મન્દિરોમાં, બાવાઓની જમાતોમાં, ડાકોરજીના ચોકમાં, ગિરનારની તળેટીમાં ભજનનો ને રાસનો જ્ય્હારે જ્ય્હારે સંગમ થાય છે ત્ય્હારે ત્ય્હારે,ઉપરથી ચન્દ્રમા અમૃત વરસે છે એમ, ગુર્જર કવિતા યે ગુજરાતીઓ અને ગુજરાતણો ઉપર અમૃતની ઝડીઓ વરસી રહે છે.

પૂજનવિધિનું પરમ સત્ય તો એ છે કે જીવન એ જ હરિની પરમ પૂજા; આયુષ્ય એ જ આરતી. દેવસેવા કે દેવદર્શન જીવનમાં કિંચિતે ન ઉતરે તો એ સેવા કે દર્શન, એ કથા કે કીર્તન મિથ્યા છે. પરા પૂજા એ જ હરિની મહાપૂજા. છતાં ગણિતના ગૂઢ કોયડા જેમ બાલકોને માટે નથી, પણ ગણિતશાસ્ત્રિઓને કાજે છે; તેમ શ્રીમદ્ શંકરાચાર્યનું પરા પૂજાનું સ્તોત્ર અગાધ બ્રહ્મનીરના મહાતારાઓને કાજે છે, આરે બેસી પાવળે પાવળે ન્હાનારને કાજે નથી. સાકારપૂજકો તો સાકારને યે પૂજે છે; નિરાકારના આપણા ઉપાસકો તો બહુધા કોઇને યે ઉપાસતા નથીઃ એ માનસદેશની મનોદશા આપણા સંસારશાસ્ત્રીઓથી અજાણી છે ? વેદકાળમાં, મૂસા ને ઝરથૂસ્તના યુગોમાં, ખ્રીસ્તસમયે, ઇસ્લામની સ્થાપનાના ઝમાનામાં ભજન જીવનની એક નિત્યજરૂરિયાત ગણાતી. આજે યે ભજન વિલાસ નથી, જીવનની નિત્યજરૂરિયાત છે, એ ભાવ પાછો પ્રજાહૈયે જાગતો જાય છે. સન્દેશવાહી પયધમ્બરો ને મન્ત્રદ્રષ્ટા મહર્ષિઓ એ જ સાચ્ચા ધર્મધુરન્ધર ને સંસારતારણહારા છે.

ભજનકીર્તનનો વૈષ્ણવી ભક્તિમાર્ગ વેદપ્રાચીન છે. હું તો વૈષ્ણવ છું; ને વૈષ્ણવી પ્રેમભક્તિના પરમ કોલમાં મ્હારી તો અણનમ શ્રદ્ધા છે કે

मद्भक्ता यत्र गायन्ति, तत्र तिष्ठामि, नारद।

ચૈત્રી પડવો, ૧૯૮૦ ન્હાનાલાલ દલપતરામ કવિ

અનુક્રમણિકા

પ્રેમભક્તિ–ભજનાવલિ

૧ : પરમ પ્રેમ પરબ્રહ્મ

પરમ પ્રેમ પરબ્રહ્મ.

માત પ્રેમ, તાત પ્રેમ, પુત્ર પ્રેમ, પુત્રી પ્રેમ;
દંપતીના દેવ પ્રેમ, પ્રેમ છે સંસારસાર:
પરમ પ્રેમ પરબ્રહ્મ.

દયા પ્રેમ, દાન પ્રેમ, ભક્તિ પ્રેમ, જ્ઞાન પ્રેમ;
યોગ પ્રેમ, મોક્ષ પ્રેમ, પ્રેમ તે સંન્યસ્તાધારઃ
પરમ પ્રેમ પરબ્રહ્મ.

સ્થૂલ પ્રેમ, સૂક્ષ્મ પ્રેમ, વિશ્વ કેરો મન્ત્ર પ્રેમ;
સૃષ્ટિનો સુવાસ પ્રેમ, પ્રેમ તેજ કેરો પારઃ
પરમ પ્રેમ પરબ્રહ્મ.

આત્મનો વિકાસ પ્રેમ, જીવનપ્રકાશ પ્રેમ;
પ્રેમ–પ્રેમ, સર્વ પ્રેમઃ પ્રેમનો આ પારાવારઃ
પરમ પ્રેમ પરબ્રહ્મ.

૨ : બ્રહ્મબંસરી

卐

પરમ શબ્દ એ સુણો,

હો ! પરમ શબ્દ એ સુણો,
બોલે બ્રહ્માંડે બ્રહ્મબંસરી તણો;
રટે આનન્દ–આનન્દ સ્થૂલસૂક્ષ્મનાં કણોઃ
હો ! પરમ શબ્દ એ સુણો.

એ શબ્દ કો ગહન આત્મિક વાણુ બોલે,
એ શબ્દ વીંધી ત્રણુ લોક અપાર ડોલે.

મન્દ મન્દ જેમ ફોરે મધુર ફૂલડાં, સખિ !
ચન્દ્ર ચન્દ્ર જેમ વહે અમૃતચન્દ્રિકા, સખિ !
એવી ધીરી,
એવી ધીરી ઓ અધીરી ! બજે બ્રહ્મબંસરીઃ
હો ! પરમ શબ્દ એ સુણો.

માની મહાસમય માનવભાગ્યનો, હો !
કલ્યાણમંગળ ભણે સુરમંડળીઓ.
ગાજે દેવતાનાં દુંદુભિ આનન્દનાં,
ગીત નન્દનનાં નન્દિની ને નન્દનાં;
ઉડે પડઘો અનન્તતાની ઝાડીમાં ઘણો,
ઝીણી તારલીનાં કિરણુ સરિખડો ઝીણો ઝીણો;
હો ! પરમ શબ્દ એ સુણો.

૩ : નરનો દેવ કરવા

અમે કેવડિયા વાઘા કીધા કે જગના જંગ જીતવા;
અમે તેજનાં પરિધાન લીધાં કે નરનો દેવ કરવા.

અમે સંયમના ભેખ લીધા કે જગના જંગ જીતવા;
અમે વૈરાગ્યે કાળજ વીંધ્યાં કે નરનો દેવ કરવા.

અમે જીવનનાં દાન દીધાં કે જગના જંગ જીતવા;
અમે ધર્મચોધના ધર્મ લીધા કે નરનો દેવ કરવા.

અમે કેવડાના કાંટા પીધા કે જગના જંગ જીતવા;
અમે કેવડિયાં વ્રત લીધાં કે નરનો દેવ કરવા.

૪ : આવો–આવો, સન્તન !

આવો–આવો !
આવો–આવો, સન્તન સહુ ! આવો–આવો !
ગાવો–ગાવો, આશાગીત ગાવો–ગાવો !
આશભર્યાં, યૌવનભર્યાં, જીવનભર્યાં આવો–આવો !

યજ્ઞ કેરાં ઓજસ્ ઓપે, દર્શન હ્યો, તમસ્ લોપે;
ઉરે–ઉરે જ્યોતિ રોપે; આવો–આવો !
આશભર્યાં, યૌવનભર્યાં વિ.

ઉર્મિ સમો ધ્વજ ઉડે, નિરાશા–નિઃશ્રદ્ધા બુડે;
આશાને મન્દિરે રૂડે આવો–આવો !
આશભર્યાં, યૌવનભર્યાં વિ.

આત્મ શું વિશાળ વ્યોમ, પ્રેમભક્તિની આ ભોમ;
બ્રહ્મ વહે રોમરોમઃ આવો–આવો !
આશભર્યાં, યૌવનભર્યાં વિ.

૫ : આવજો યમુનાઘાટ

*

આવજો—આવજો યમુનાઘાટ, ત્ય્હાં મળશું.
આવજો—આવજો, ગાયો લાવજો, ત્ય્હાં ચરાવજો,
આવજો યમુનાઘાટ, ત્ય્હાં મળશું. ધ્રુવ.

એક મીટ બીડું ત્ય્હાં તો બીજી મીટ ઉઘડે;
વ્હાલાંની જોઉં છું જલતીર વાટ,
યમુનાઘાટ, ત્ય્હાં મળશું.

આંસુડાં ન નીતરે, ન ઘેન મ્હારાં ઉતરે;
વિશમે ન આંખના ઉચાટ,
યમુનાઘાટ, ત્ય્હાં મળશું.

પધારો, પધારો, એક તરસ દરસની;
પ્રાણ કેરા માંડી મ્હેલ્યા પાટ,
યમુનાઘાટ, ત્ય્હાં મળશું.

દૂધડલાં દ્હોશું, પીશું ને પાશું;
મટુકી ભરી લઇશું જગને માટ,
યમુનાઘાટ, ત્ય્હાં મળશું.

ઘેરી ઘેરી મોરલીમાં સાગરના શબ્દ વાજો;
લખજો બ્રહ્મલેખ મ્હારે લલાટ,
યમુનાઘાટ, ત્ય્હાં મળશું.

આવજો—આવજો યમુનાઘાટ, ત્ય્હાં મળશું;
આવજો—આવજો, હઈડાં લાવજો, ત્ય્હાં ચરાવજો,
રસયમુનાને ઘાટ, ત્ય્હાં મળશું.

૬ : બતાવો-બતાવો કોઈ

દેવનાં તો દ્વાર હો ! બતાવો-બતાવો કોઇ;
ભૂલ્યાંને તો બાર હો ! બતાવો-બતાવો કોઇ;
બતાવો-બતાવો કોઇ.

હતી દિનની પ્રભા, સન્ધ્યા પડી ત્હેમાં;
ઉડી સન્ધ્યા ય, આ મધરાતનાં વન હો !

જગતની મેઘલી જામી ગગનભરમાં;
ડૂબ્યા જ્યોતિ જીવનના, એ જગાવો કો.

જગાવો-જગાવો કોઈ;
જગાવો-જગાવો કોઇ;

ભૂલ્યાંને તો બાર હો ! બતાવો-બતાવો કોઈ;
દેવનાં તો દ્વાર હો ! બતાવો-બતાવો કોઇ.

૭ : બાર ઉઘાડ

પ્રભો ! પાય લાગું, ત્હારાં બાર ઉઘાડ.
બાર ઉઘાડ, ત્હારાં બાર ઉઘાડ;
બાર ઉઘાડઃ
      પ્રભો ! પાય લાગું, ત્હારાં બાર ઉઘાડ.

પાલવ ઢાળું, પ્રાણ ઓવારૂં;
      ગેબથી પધારી ત્હારાં બાર ઉઘાડઃ
      પ્રભો ! પાય લાગું, ત્હારાં બાર ઉઘાડ.

દિવસો દોહલ વીતિયા, સુખઝંખવતા માસ;
વરસો વીત્યાં વિતકનાંઃ આશા થાય નિરાશ.

બાર ઉઘાડઃ
      પ્રભો ! પાય લાગું, ત્હારાં બાર ઉઘાડ.

૮ : આવો, આવો પૂજન કાજ

આવો, આવો પૂજન કાજ, આવો, આવો !
ભક્ત ! જ્ઞાની ! યોગી ! તપસ્વી !
પૂજન કાજ આવો, આવો !
ગાઓ, ગાઓ મહિમાગીત, ગાઓ, ગાઓ !
ઋષિ ! કવિ ! દ્રષ્ટા ! પયગમ્બર !
મહિમાગીત ગાઓ, ગાઓ !
ગાઓ, ગાઓ !
સચ્ચિદાનન્દ ! સચ્ચિદાનન્દ ! ઓમ્ સચ્ચિદાનન્દ !
આવો, આવો પૂજન કાજ, આવો, આવો !

૨

બુદ્ધિ, હૃદય, તિમિર, તાપ; સ્થૂલ, સૂક્ષ્મ, પુણ્ય, પાપ;
રસ–ભાવ–સૌન્દર્ય કેરી વિવેકદૃષ્ટિઓ:
જડચેતનની જીવન્ત અસ્તિત્વવાણુ
એ જ ભાખે, એ જ ઉચ્ચારે જીવનશબ્દે:
પ્રભો ! તું છે; પરબ્રહ્મ ! તું છે.
પૃથ્વીપટની વનરાજી; વ્યોમતટની તેજરાજી;
પુષ્પ, પત્રો, સૂર્ય, ચન્દ્ર, ને વ્યોમગંગા:
વિશ્વકુળની સકળ વિરાટવાણુ
એ જ ભાખે, એ જ ઉચ્ચારે તેજસ્‌શબ્દે:
બ્રહ્માંડ બ્રહ્મનું પરમ મન્દિર છે.

ભક્તિ, ધ્યાન, પૂજન, યોગ; સમાધિના ચેતનતરંગ;
સન્ત જનના અમીમધુર જીવનપરાગ:
ગહનતાની ગહન આનન્દવાણુ
એ જ ભાખે, એ જ ઉચ્ચારે ગહન શબ્દે:
સચ્ચિદાનન્દ ! સચ્ચિદાનન્દ ! ઓમ્ સચ્ચિદાનન્દ !

આવો, આવો પૂજન કાજ, આવો, આવો !

૩

પંચેન્દ્રિયની પંચજ્યોત અખંડ આરતી;
ક્ષણુ ક્ષણુ, દિવસ દિવસ; ઋતુ ઋતુ, જીવન જીવન:
કર્મયોગનાં નૈવેદ્ય, જ્ઞાનયોગના ધૂપદીપ;
ધ્યાનયોગના પૂર્ણજ્યોત દર્શન ને સાક્ષાત્કાર;

એ જ ભક્તિ, એ જ પૂજા, એ જ મહિમાગાન;
એ જ પુણ્ય, એ જ સાધુત્વ, એ જ મહ સંન્યાસ;
એ જ ભવનો મન્ત્ર, એ જ ભવનું શાસ્ત્ર;
એ જ તપ, એ જ યોગ, એ જ આયુષ્યવેદ :
એ જ બ્રહ્મનું બ્રહ્મસમર્પણુ.
માંડો, માંડો એહ જીવનયજ્ઞ,
સન્તન ! એહ જીવનમોક્ષ.
સચ્ચિદાનન્દ ! સચ્ચિદાનન્દ ! ઓમ્ સચ્ચિદાનન્દ !
આવો, આવો પૂજન કાજ, આવો, આવો !

૯ : ભ્રમભૂલ્યાં નરનાર

ભજન કરી લ્યો રે !
ભજન કરી લ્યો રે !
અહો ! ભ્રમભૂલ્યાં નરનાર !
અહો ! ભવજલનાં તરનાર !
ભજન કરી લ્યો રે !—

સબર ભરી લ્યો રે !
સબર ભરી લ્યો રે !
કંઈ ભ્રમાગીતે સંસાર.
અહો ! ભવજલનાં તરનાર !
ભજન કરી લ્યો રે !—

દિવસ ઉગે, બપ્પોર તપે, ને
રાત ન થંભે લગીર;
પળ પળ ક્ષણુ ક્ષણુ જાય વહી,
જ્યમ નદીઓ કેરાં નીરઃ
ભજન કરી લ્યો રે !

ઉંઘમાં પોઢયાં, ને સ્વપ્નાં લાધ્યાં,
દીઠ સ્વપ્નાંમાં ફકીર;
જાગીને જોયું તો આપણુ
સહુ આત્માના અમીરઃ
ભજન કરી લ્યો રે !

સરોવરિયા થકી સાગર મ્હોટો,
ને સાગરથી વડું વ્યોમ;
વ્યોમ સકળ ભરીને પર વિલસે
પરમ બ્રહ્મની ભોમઃ
ભજન કરી લ્યો રે !

૧૦ : હરિનાં દર્શન

卐

મ્હારાં નયણાંની આળસ રે, ન નિંરખ્યા હરિને જરી;
એક મટકું ન માંડયું રે, ન ઠરિયાં ઝાંખી કરી.

શોકમોહના અગ્નિ રે તપે, ત્હેમાં તપ્ત થયાં:
નથી દેવનાં દર્શન રે કીધાં, ત્હેમાં રક્ત રહ્યાં.

પ્રભુ સથળે વિરાજે રે, સૃજનમાં સભર ભર્યાં;
નથી અણુ પણ ખાલી રે, ચરાચરમાં ઉભર્યાં.

નાથ ગગનના જેવા રે, સદા મ્હને છાઇ રહે;
નાથ વાયુની પેઠે રે સદા મુજ ઉરમાં વહે.

જરા ઉઘડે આંખડલી રે, તો સન્મુખ તેહ તદા;
બ્રહ્મ બ્રહ્માંડઅળગા રે ઘડી યે ન થાય કદા.

પણ પૃથ્વીનાં પડળો રે, શી ગમ ત્હેને ચેતનની ?
જીવે સો વર્ષ ઘવડ રે, ન ગમ ત્હો યે કંઈ દિનની.

સ્વામી સાગર સરિખા રે, નજરમાં ન માય કદી;
જીભ થાકીને વિરમે રે, 'વિરાટ' 'વિરાટ' વદી.

પેલાં દિવ્ય લોચનિયાં રે પ્રભુ ! ક્યહારે ઉઘડશે ?
આવાં ઘોર અન્ધારાં રે પ્રભુ ! ક્યહારે ઉતરશે ?

નાથ ! એટલી અરજી રે, ઉપાડો જડપડદા;
નેનાં ! નિરખો ઊંડેરૂં રે, હરિવર દરસે સદા.

આંખ ! આળસ છાંડો રે, ઠરો એક ઝાંખી કરી;
એક મટકું તો માંડો રે, હૃદય ભરી નિરખો હરિ.

૧૧ : હરિ ! આવોને

૧. આ વસન્ત ખીલે શતપાંખડી, હરિ ! આવોને;
આ સૃષ્ટિએ ધરિયા સોહાગ; હવે તો હરિ ! આવોને.
આ વિશ્વ વદે છે વધામણી, હરિ ! આવોને;
આવી વાંચો અમારાં સૌભાગ્ય; હવે તો હરિ ! આવોને.

૨. આ ચન્દરવો કરે ચન્દની, હરિ ! આવોને;
વેર્યાં તારલિયાનાં ફૂલ; હવે તો હરિ ! આવોને.
પ્રભુ ! પાથરણાં દઈશ પ્રેમનાં, હરિ ! આવોને;
દિલ વારી કરીશ સહુ ડૂલ; હવે તો હરિ ! આવોને.

૩. આ જળમાં ઉઘડે પોયણાં, હરિ ! આવોને;
એવા ઉઘડે હૈયાના ભાવ; હવે તો હરિ ! આવોને.
આ માથે મયંકનો મણિ તપે, હરિ ! આવોને;
એવા આવો, જીવન્મણિ માવ ! હવે તો હરિ ! આવોને.

૪. આ ચન્દની ભરી છે તળાવડી, હરિ ! આવોને;
ફૂલડિયે બાંધી પાજ; હવે તો હરિ ! આવોને.
આ આસોપાલવને છાંયડે હરિ ! આવોને;
મનમહેરામણ મહારાજ ! હવે તો હરિ ! આવોને.

૫. મ્હારે સૂની આયુષ્યની શેરીઓ, હરિ ! આવોને;
મ્હારે સૂની સૌ જીવનની વાટ; હવે તો હરિ ! આવોને.
મ્હારા કાળજ કેરી કુંજમાં હરિ ! આવોને;
મ્હારા આતમસરોવર ઘાટ હવે તો હરિ ! આવોને.

૧૨ : પ્રેમનો સંચાર

(બંગાળીમાંથી ભાષાન્તર)

ક્યહારે થશે હવે પ્રેમનો સંચાર ?
થઇશું પૂર્ણકામ, બોલશું હરિનામ,
નયને વહતાં હર્ષઅશ્રુધાર ?
ક્યહારે થશે હવે પ્રેમનો સંચાર ? ધ્રુવ

ક્યહારે થાશે અમ શુદ્ધ પ્રાણમન ?
ક્યહારે જાશું હવે સ્નેહવૃન્દાવન ?
સંસારબન્ધન બનશે વિમોચન ?
જ્ઞાનાંજને ફિટશે લોચનઅન્ધાર ?
ક્યહારે થશે હવે પ્રેમનો સંચાર ?

કરશે પારસમણિ ક્યાહરે સ્પર્શન ?
લોહમયી દેહ થઇ રહેશે કાંચન !
હરિમય વિશ્વનું કરીશું દર્શન ?
  લોટીશું ભક્તિને પન્થે અનિવાર ?
  ક્યહારે થશે હવે પ્રેમનો સંચાર ?

હાય ! ક્યહારે જાશે અમ ધરમકરમ ?
ક્યહારે જાશે જાતિકુલના ભરમ ?
ક્યહારે જાશે ભવભાવના શરમ ?
  પરિહરી અભિમાન લોકાચાર ?
  ક્યહારે થશે હવે પ્રેમનો સંચાર ?

ચોળી સર્વે અંગે ભક્તચરણધૂલિ,
સ્કન્ધે સદા ધરી વૈરાગ્યની ઝોળી,
પીશું પ્રેમવારી બન્ને કરો ભેળી
  અંજલિ અંજલિ પ્રેમયમુનાપારઃ
  ક્યહારે થશે હવે પ્રેમનો સંચાર ?

પ્રેમમસ્ત થઈ હસીશું–રડીશું,
સચ્ચિદાનન્દને સાગર તરીશું;
મસ્ત બની મસ્ત સર્વને કરીશુંઃ
  હરિપદે નિત્ય વિહરશું વિહાર;
  ક્યહારે થશે હવે પ્રેમનો સંચાર ?

૧૩ : પ્રેમનો પદારથ

પ્રેમનો પદારથ પારખો, રે પરખન્દા સન્તો !
કામનાનાં કૌવચ ઓળખો, રે પરખન્દા સન્તો !

આ શુક્ર ઉગ્યો, ને ગુરુ ઉગ્યો,
    ત્હો ય અજવાળાં આભે ન થાય;

પણ ચન્દ્ર ઉગે સોળપાંખડી
    પેલાં અન્ધારાં રાતનાં ધોવાય
        રે પરખન્દા સન્તો !

કામનાનાં કૌવચ ઓળખો, રે પરખન્દા સન્તો !
પ્રેમનો હીરલો પારખો, રે પરખન્દા સન્તો !

૧૪: સિન્ધુનીરે

(બંગાળીમાંથી ભાષાંતર)

સચ્ચિદાનન્દસિન્ધુનીરે પ્રેમાનન્દની લહરીઃ
મહાભાવ રસલીલા શી માધુરી ! વારી ! વારી !
સચ્ચિદાનન્દસિન્ધુનીરે. ધ્રુવ

વિવિધ વિલાસ રસપ્રસંગ, કેવા અભિનવ ભાવતરંગ !
ડૂબે છે, ઉઠે છે, કરે છે રંગ નવીન નવીન રૂપ ધરી !
સચ્ચિદાનન્દસિન્ધુનીરે.

મહાલોકે સમુદાય એકાકાર થઇ રહ્યો;
દેશ કાળ વિવિધતા ભેદાભેદ દૂર થયોઃ
સચ્ચિદાનન્દસિન્ધુનીરે.

હવે આનન્દે માતા થઈ,
બે બાહુ ઉછાળી,
બોલો રે મન ! હરિ હરિઃ
સચ્ચિદાનન્દસિન્ધુનીરે.

*

૧૫: પ્રેમાનન્દજ્યોત

પ્રેમાનન્દજ્યોત જાગી આજ પ્રેમમન્દિરે;
પુણ્યનાં પ્રારબ્ધ નેને દેવના દીવા કરે:
પ્રેમાનન્દજ્યોત જાગી આજ પ્રેમમન્દિરે.

શુભના સન્દેશ વાયા, આવ્યા પ્રેમજોગીરાયા;
અમૃતની ભરતી દિલની ઉર્મિઉર્મિએ તરે:
પ્રેમાનન્દજ્યોત જાગી આજ પ્રેમમન્દિરે.

ગેબગેબમાંથી ગુંજે પડઘા આ પ્રેમકુંજે;
પ્રેમદેવની ઘૂમે છે આરતી ઉરે ઉરે:
પ્રેમાનન્દજ્યોત જાગી આજ પ્રેમમન્દિરે.

૧૬ : પ્રેમકુંજની ઘટાઓ

અહો ! જગતઝાળમાં તપ્યાં તપસ્વીઓ !
આત્મછાંયડીને શોધતા મુમુક્ષુઓ !

પ્રેમકુંજની ઘટાઓ છે સોહામણી,
રસની વાડીની વસન્ત છે રળિયામણી.

મંહીં પ્રેમ કેરા ભવ્ય જગતપ્રાણ છે,
મંહીં સનાતન તીર્થ ને કલ્યાણ છે.

રમણભોમ શી વિશાળ છે અગાસીઓ,
ત્ય્હાં પધારજો, રસપન્થનાં પ્રવાસીઓ !

પરમ પ્રેમનાં પૂજારી હો તે આવજો !
હૃદયથાળમાં પૂજાપો ભરી લાવજો !

૧૭ : પ્રેમને હિંડોલે

જગત ઝૂલે રસઝોલેઃ
અદ્‌ભુત કો પ્રેમને હિંડોલે, હિંડોલે, હિંડોલેઃ
ઝૂલે રસઝોલે.

ભરતી અનન્ત ડોલે,
બ્રહ્માંડો ભીંજે છોળે;
પરબ્રહ્મ કેરે ખોળેઃ

ઉરે–ઉરે કોકિલા કો બોલે, કલ્લોલે, વિલોલેઃ
ઝૂલે રસઝોલે.
અદ્‌ભુત કો પ્રેમને હિંડોલે, હિંડોલે, હિંડોલેઃ
ઝૂલે રસઝોલે.

卐

૧૮ : અહો પ્રેમજ્યોતિ !

અહો પ્રેમજ્યોતિ ! પરમ પ્રેમજ્યોતિ !
મહાવિશ્વ તુજ આરતી વધાવે;
ચારુ રવિચન્દ્રની કાન્તિને ઝંખવે
તુજ શિખા એવી જગ આવે. ધ્રુવ

આત્મનાં કિરણ જગદાત્મનાં કિરણ શું
આયુભરની ગૂંથે ગ્રન્થી;
જ્યોત શું જ્યોત ભળી હોય ઉદ્યોત,
એ ઓળખે પ્રેમનાં પન્થી:
અહો પ્રેમજ્યોતિ ! પરમ પ્રેમજ્યોતિ !

હૃદયને ધામ, ને નયનને ગોખ,
ને ગગનની અગાસીને ખોળે,
સકળ રસસાર સંસારસિંહાસને
ડોલતા દીપ અમી ઢોળે:
અહો પ્રેમજ્યોતિ ! પરમ પ્રેમજ્યોતિ !

૧૯ : જયતિ જય જય, પ્રભો !

૧, જયતિ જય-જય, પ્રભો ! જયતિ જય-જય, પ્રભો !
જયતિ જય-જય, જગજ્જ્યોતિ !
જય, વિભો ! જય, પ્રભો ! સતત જય-જય, પ્રભો !
પરમ જય-જય, પરમ દ્યોતિ !
પ્રભો ! જયતિ જય-જય, પ્રભો !

૨, રજનીને રજનીપતિ, દિવસને દિનમણિ,
તેજના ઓઘથી વધાવે;
દિશદિશે ઝળહળે દેવ ! તુજ દીવડા,
ત્હારી જયજ્યોત ઝળકાવે:
પ્રભો ! જયતિ જય-જય, પ્રભો !

૩, પવન પરિમલ વહે અતુલ 'જય' શબ્દના,
પંખીગણ મધુર ગુંજારે;
ગગનને પાટ આ ગહન ભેદાવાલ
અમર જયમન્ત્ર ઉચ્ચારે:
પ્રભો ! જયતિ જય-જય, પ્રભો !

૪, સૃજનના અણુઅણુ કેરી કિરણાવલિ
રમતી ને ઘૂમતી રસછોળે;
સહુ દિશાકાળ-ઇતિહાસ-શબ્દાવલિ
'જય, પ્રભો !' 'જય પ્રભો !' બોલે:
પ્રભો ! જયતિ જય-જય, પ્રભો !

૨૦: બ્રહ્માંડ કહે છે કે બ્રહ્મ છે

અહો ! ધન્ય-ધન્ય હો !
    બ્રહ્માંડ કહે છે કે બ્રહ્મ છે;
અહો ! ધન્ય-ધન્ય ! હો !
    દુનિયા કહે છે કે દેવ છે.

વડાં પાથર્યાં આભનાં પત્ર કાળાં,
લખી તેજના શબ્દથી મન્ત્રમાળા;
દિશાકાળદોરે ગૂંથ્યા સૌ ખગોળે;
મહાગ્રન્થ બ્રહ્માંડનો બ્રહ્મ બોલે.

અહો ! ધન્ય-ધન્ય હો !
    બ્રહ્માંડ કહે છે કે બ્રહ્મ છે.

卐

૨૧ : પરમ ધન

પરમ ધન પ્રભુનાં લેજો, લોક !

રૂપું ધન, ધન સોનું,
હો અબધૂત ! હીરા મોતી ઝવેર,
હો અબધૂત ! હીરા મોતી ઝવેર;
સત્તા ધન, ધન જોબનઃચળ સહુ;
અચળ બ્રહ્મની લહેર;
પરમ ધન પ્રભુનાં લેજો, લોક !

નહીં સૂરજ, નહીં ચન્દ્ર,
હો અબધૂત ! નહીં વીજળચમકાર,
હો અબધૂત ! નહીં વીજળચમકાર;
અગમનિગમની યે પાર, અપાર એ
બ્રહ્મ તણા ભંડાર;
પરમ ધન પ્રભુનાં લેજો, લોક !

દૂર થકી પણ દૂર,
હો અબધૂત ! પ્રાણ થકી પણ પાસ,
હો અબધૂત ! પ્રાણ થકી પણ પાસ;
ઉગે તપે કે આથમતાં યે
એ ધન છે અવિનાશઃ
પરમ ધન પ્રભુનાં લેજો, લોક !

૨૨ : સ્તુતિનું અષ્ટક

પ્રભો ! અન્તર્યામી ! જીવન જીવના ! દીનશરણુ !
પિતા ! માતા ! બન્ધુ ! અનુપમ સખા ! હિતકરણુ !
પ્રભા, કીર્તિ, કાન્તિ, ધન, વિભવ, સર્વસ્વ જનના !
નમું છું, વન્દું છું, વિમળમુખ સ્વામી જગતના !

સહુ અદ્‌ભુતોમાં તુજ સ્વરૂપ અદ્‌ભુત નિરખું,
મહાજ્યોતિ જેવું નયન શશિ ને સૂર્ય સરખું;
દિશાની ગુફાઓ, પૃથિવિ, ઉંડું આકાશ ભરતો,
પ્રભો ! તે સૌથી યે પર પરમ તું દૂર ઉડતો.

પ્રભો ! તું આદિ છે, શુચિ પુરુષ પુરાણુ તું જ છે,
તું સૃષ્ટિ ધારે છે, સુજનપ્રલયે નાથ ! તું જ છે;
અમારા ધર્મોનો અહર્‌નિશ ગોપાલ તું જ છે,
અપાપી–પાપીનું શિવસદન કલ્યાણુ તું જ છે.

પિતા છે એકાકી જડ સકળ ને ચેતન તણો,
ગુરુ છે, મ્હોટો છે, જનકુળ તણો પૂજ્ય તું ઘણો;
ત્રણે લોકે, દેવા ! નથી તુજ સમો અન્ય, ન થશે,
વિભુરાયા ! તુંથી અધિક પછી તો કોણ જ હશે ?

વસે બ્રહ્માંડોમાં, અમ ઉર વિશે વાસ વસતો,
તું આઘેમાં આઘે, પણ સમીપમાં નિત્ય હસતો;
નમું આત્મા ઢાળી, નમન લળતી દેહ નમજો,
નમું કોટી વારે, વળી પ્રભુ ! નમસ્કાર જ હજો.

અસત્યો માંહીથી પ્રભુ ! પરમ સત્યે તું લઇ જા,
ઊંડા અન્ધારેથી પ્રભુ ! પરમ તેજે તું લઈ જા;
મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ ! લઇ જા,
તું હીણો હું છું, તો તુજ દરસનાં દાન દઇ જા.

પિતા ! પેલો આઘે જગત વીંટતો સાગર રહે,
અને વેગે પાણી સકલ નદનાં તે ગમ વહે;
વહો એવી નિત્યે અમ જીવનની સર્વ ઝરણી
દયાના, પુણ્યોના તુજ પ્રભુ ! મહાસાગર ભણી.

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઉચરૂં,
કૃતિ ઇન્દ્રિયોની, મુજ મન વિશે, ભાવ જ સ્મરૂં,
સ્વભાવે, બુદ્ધિથી, શુભ અશુભ જે કાંઈક કરૂં,
ક્ષમાદૃષ્ટે જોજે, તુજ ચરણમાં નાથજી ! ધરૂં.

૨૩ : જય ત્રિભુવનેશ્વરી !

જય ત્રિભુવનેશ્વરી !
જય લોકલોકની વિધાત્રી ! જય મહેશ્વરી ! ધ્રુવ.

જય સદ્બુદ્ધિ ! સ્મૃતિ ! ધૃતિ ! જય પુણ્યપ્રેરણા !
જય ત્રિગુણાત્મનિ માયા ! જય જગઆદેશના !
જય મહાશક્તિ ! દુર્ગે ! જય વિશ્વચેતના !
જય ત્રિભુવનેશ્વરી !

જય આશાપૂરિ ! સહુપ્રકાશિનિ ! પૂર્ણકલા હો !
જય જીવનશ્રી ! સુન્દરતા ! સ્વર્ગસુધા હો !
જય બ્રહ્મલીલા ! બ્રહ્મછાયા ! બ્રહ્મપ્રભા હો !
જય ત્રિભુવનેશ્વરી !

જય શ્રદ્ધે ! જયધ્વજધારી વિશ્વવિજયિની !
જય ધાત્રી વિભુ વિરાટની ! જય સર્વપાવની !
જય જગર્જનની અંબે ! જય બ્રહ્મસ્વામિની !
જય ત્રિભુવનેશ્વરી !

૨૪ : મન્દિર દો

મન્દિર દો, દેવ ! મન્દિર દો .

અવનીમાં મન્દિર મોંઘાં, હો દેવ ! મન્દિર દો;
પાપ કેરાં પારણાં સોંઘાં, હો દેવ ! મન્દિર દો.

ઉંઘ્યાના અરુણદહામા, હો દેવ ! મન્દિર દો;
જગતના થાકના વિસામા, હો દેવ મન્દિર દો.

વાગ્યાના વ્રણને રૂઝાવા, હો દેવ ! મન્દિર દો;
વિષની ઉતારપ્યાલી પાવા, હો દેવ ! મન્દિર દો.

સ્નેહીની શેરીએ ઉભાં, હો દેવ ! મન્દિર દો;
ભિક્ષા ન દીધ અને દૂભ્યાં, હો દેવ મન્દિર દો.

અમૃતરસથી ભીંજેલાં હો દેવ ! મન્દિર દો;
સૌન્દર્યફૂલડે સજેલાં હો દેવ ! મન્દિર દો.

આત્માની ઊંડી અભિલાષા, હો દેવ ! મન્દિર દો;
અણુપૂરી એક પૂરો આશા, હો દેવ ! મન્દિર દો.

પુણ્યનાં પુષ્પ શી દેહનાં હો દેવ ! મન્દિર દો;
સાત્ત્વિક નિર્મળ સ્નેહનાં હો દેવ ! મન્દિર દો.

આથમશે ને અમે જાશું, હો દેવ ! મન્દિર દો;
નાથને નેહ ક્યહારે ન્હાશું ? હો દેવ ! મન્દિર દો.

દુનિયામાં દેવ એક દીઠા, હો દેવ ! મન્દિર દો;
દુનિયાના દેવ મ્હારે મીઠા, હો દેવ ! મન્દિર દો.

અવનીનાં મન્દિર મોંઘાં, હો દેવ ! મન્દિર દો;
પ્રભુજીનાં મન્દિરો સોંઘાં, હો દેવ ! મન્દિર દો.

માનવી–માનવીને હઇએ, હો દેવ ! મન્દિર દો;
દેહી છતાં ય દેવ થઇએ, હો દેવ ! મન્દિર દો.

૨૫ : અન્તરમાં અજવાળાં

મ્હારે અન્તરમાં અજવાળાં, મંહિ મ્હાલે સીતારામ.

જગતને જોતું, જોઈ અંજાતું,
એ નયને નહિ નિરખાય
સીતારામ !
મ્હારે અન્તરમાં અજવાળાં !

મોતીની માળામાં મનડું લોભાણું
એ પ્રાણે નહિ પરખાય
સીતારામ !
મ્હારે અન્તરમાં અજવાળાં !

હૈયાં ઉઘાડે હરિના સન્તોને કારણે
એ આતમથી ઓળખાય
સીતારામ !
મ્હારે અન્તરમાં અજવાળાં !

મ્હારે અન્તરમાં અજવાળાં, મંહિ મ્હાલે સીતારામ.

卐

૨૬ : સાચના સીપાઈ

સાચના સીપાઈ,
અમે સાચના સીપાઈ,
સાચ અમારી તરવારે;
ને સાચની બાંધી સવાઇ:
અમે સાચના સીપાઈ.

સાચ અમારા લ્હડવૈયા,
તે લ્હડશે સાચલ્હડાઈ;
સુણો, અમારાં બ્યૂગલ વાગે,
સાચની હાક છવાઇ:
અમે સાચના સીપાઈ

જૂઓ, અમારી ધજા ફરફરે,
સાચની લહરો વાઇ;
જામે સાચનું લશ્કર સઘળે,
આવો ત્હમે ય, ભાઈ!
અમે સાચના સીપાઈ.

૨૭ : દુ:ખસુખ

દુ:ખસુખ આવે રે તે સ્હેજો!
માજીનાં ચરણકમળમાં રહેજો! —

દુ:ખસુખ આવે રે તે સ્હેજો!

સુખડાં તરતાં રે રૂડાં છે,
દુ:ખડાં પાછળ રે ઊંડાં છે;
માજીના ઊંડારૂડા સન્દેશ

દુ:ખસુખ આવે રે તે સ્હેજો!

સુખડાંની શોભા રે સુલભ છે,
દુ:ખડાંના હેતુ રે ગહન છે;
માજીના ગહનસુલભ આદેશ

દુ:ખસુખ આવે રે તે સ્હેજો!

મા! તુજ પ્રેમળ રે રચના છે,
મા! તુજ સદર્થ રે ઘટના છે;
મા! તુજ સદર્થપ્રેમળ નિવેશ
દુ:ખસુખ આવે રે તે સ્હેશું;
મા! તુજ ચરણકમળમાં રહેશું;
દુ:ખસુખ આવે તે મા! સ્હેશું.

૨૮: મીરાં ને મહારાણો

૧. 'જાવ' કહેશો તો અમે જાશું, મહારાણા !
પગલાં પશ્ચિમ મંહી માંડશું;
મેવાડથી જ ઓળખાશું, મહારાણા !
'જાવ' કહેશો તો અમે જાશું.

૨. આથમણે અવનીના છેડા, મહારાણા !
આથમણે રવિશશી આથમે;
આથમણે જઈ આથમીશું, મહારાણા !
'જાવ' કહેશો તો અમે જાશું.

૩. ક્ષત્રિયચક્ર ચહુ દિશમાં, મહારાણા !
આરાવલ્લીનાં વચ્ચે ઓટલા;
શીશોદિયા-સિંહ ગાજે, મહારાણા !
ગાજે ને ગજવે રાજસ્થાને.

૪. દેવળ દેવળ દીવા, મહારાણા !
ગગને તારલિયા ને ચન્દ્રમા;
આછાં-અદકાં એ ઉજિયારાં, મહારાણા !
સૂરજ ઉગ્યે દિન ઉગશે.

૫. એકલડો ને અલબેલો, મહારાણા !
ગિરિ માથે ગઢ છે ચિતોડનો;
એકલડાં એમ ઉભીશું, મહારાણા !
મેવાડની કીર્તિ કેરી દીવડી.

૨૯ : આવો-આવો, ધર્મ સોહાગીના સંઘ!

આવો, આવો, ધર્મસોહાગીના સંઘ! હરિના હોષ ઓરતા રે લોલ;
આવો, કહું ધર્મકુમારની ધન્ય સનાતન વારતા રે લોલ.

સખિ! પેલાં નીલવાદળિયાં આભ અનન્તને ઉચ્ચરે રે લોલ;
સખિ! એને હૈયે ચ્હડી હિમવાન અગમ્યની વાતો કરે રે લોલ.

સખિ! ત્ય્હાં અગમનિગમના ઓઘ સમી નદીઓ વહે રે લોલ;
સખિ! ત્ય્હાં જ્ઞાનકુટીરની માંહ્ય ઋષિ-તપસી રહે રે લોલ.

સખિ! રચે ઘેરગંભીર મહાવંન માયાવી ભૂલભૂલામણી રે લોલ;
સખિ! ત્ય્હાં ઘાટે ઘાટે તીર્થ, તપોવન તપની ધૂણી રે લોલ.

સખિ! ત્ય્હાં શ્રુતિસ્મૃતિનો મહાશબ્દ સમીરમાં ગાજતો રે લોલ;
સખિ! એવો અમુલખ ઉત્તરાખંડ ઠળ્યો બ્રહ્મવાડી સમો રે લોલ.

સખિ! એ બ્રહ્મવાડીને ચોક ફૂલ્યાં બ્રહ્મફૂલડાં રે લોલ;
સખિ! એના પાવન બ્રહ્મપરાગ ધરતી ભરીને ઉડ્યા રે લોલ.

સખિ! ત્ય્હાં પ્રગટ્યા ધર્મકુમાર પાંખડીએ પુણ્યની રે લોલ;
સખિ! એની સ્ફુરતી ધર્મસુવાસ કે ધર્મારણ્યની રે લોલ.

સખિ! કરી તીરથતીરથના ઘાટ, તીર્થોદક ઝીલતા રે લોલ,
સખિ! આવી વસિયા બ્રહ્મકુમાર સાગરની સીમમાં રે લોલ.

સખિ ! જ્યહાં ઘોરમતી ઘમઘોર કે જળની ઝાડીઓ રે લોલ;
સખિ ! જ્યહાં આથમતા રવિદેવે કે પગથી પાડીઓ રે લોલ.

સખિ ! જ્યહાં વસતા જાદવરાય જગતસોહામણા રે લોલ;
સખિ ! જ્યહાં પચ્ચાસ સદીની વાતો વદે નિધિઘોષણા રે લોલ.

સખિ ! હતો ઉત્તરાખંડનો એક કે મઠ જ્ઞાન વૈરાગ્યનો રે લોલ;
સખિ ! ત્યહાં વસિયા ધર્મકુમાર, મુગટ ધરી ધર્મનો રે લોલ.

સખિ ! જેમ પૂર્વથી જઇ પશ્ચિમ પ્રભાકર ઢળે પ્રભા રે લોલ,
સખિ ! એમ સરયૂનીર ગુજરાતે વહાવી વર્ણી ઉભા રે લોલ.

સખિ ! એનાં પ્રેમભક્તિનાં જળે સરોવર છલી વળ્યાં રે લોલ;
સખિ ! માંહિ સત્સંગીના સંઘ કે ન્હાઇ થાય નિર્મળા રે લોલ.

સખિ ! ધન્ય ધન્ય એ બ્રહ્મકુમાર, કે બ્રહ્મરસિયાં કીધાં રે લોલ;
સખિ ! ધન્ય ધન્ય એ ધર્મકુમાર, ધરણીને ધર્મ દીધા રે લોલ.

*

૩૦ : ધર્મ અનેક છે રે

ધર્મ અનેક છે રે, શાસ્ત્ર અનેક છે રે,
સહુનો હરિવર છે એ એક;
દેશ અનેક છે રે, લોક અનેક છે રે,
સહુનો હરિવર છે એ એક.

પૂરવ પ્રણમો, પશ્ચિમ પ્રણમો,
પ્રણમો સહવાર—સામ;
મન્દિર કે મસ્જિદમાં પ્રણમોઃ
સહુ એને જ પ્રણામ.

દ્વજો અનેક છે રે, સહુમાં વહતો વાયુ એક;
આભ અનેક છે રે, સહુને ભરતો સૂરજ એક:
એ સહુ અનેકમાં એ એક.

૩૧ : બ્રહ્મચારી

બ્રહ્મચારી રે હો ! બ્રહ્મચારી,
અમે બ્રહ્માંડનાથના બ્રહ્મચારી;
અમે નિરવધિ બ્રહ્મના બ્રહ્મચારી.

૨

બ્રહ્મચારી રે હો ! બ્રહ્મચારી,
અમે આયુષ્યના આનન્દ બ્રહ્મચારી;
અમે રજનીમાં ચન્દ્રદેવ બ્રહ્મચારી;
અમે જગના જયન્તરાજ બ્રહ્મચારી;
અમે ન્હાનડિયા નટવર બ્રહ્મચારી;
અમે શંકરના શિષ્ય સમા બ્રહ્મચારી;
અમે મ્હોરન્તા આંબલા બ્રહ્મચારી.

૩

બ્રહ્મચારી રે હો ! બ્રહ્મચારી,
અમે બ્રહ્માની કુંવરીના બ્રહ્મચારી;
અમે વિશ્વની વીણાના બ્રહ્મચારી;
અમે સમસ્ત જ્ઞાનના બ્રહ્મચારી;
અમે હરિવરના ચેલા બ્રહ્મચારી;

અમે ભાવિને પૂજનાર બ્રહ્મચારી;
અમે પૃથ્વીમાં પરવરતા બ્રહ્મચારી.

૪

બ્રહ્મચારી રે હો ! બ્રહ્મચારી,
અમે ભરતગોત્રના બ્રહ્મચારી;
અમે આર્યોના પોતરા બ્રહ્મચારી;
અમે લવકુશના વીરા બ્રહ્મચારી;
અમે જને-વને ઝૂઝનાર બ્રહ્મચારી;
અમે ઋષિઓનાં સન્તાન બ્રહ્મચારી;
અમે આત્માના ખોજનાર બ્રહ્મચારી;
અમે વેદોના વારસ બ્રહ્મચારી.

૫

બ્રહ્મચારી રે હો ! બ્રહ્મચારી,
અમે માતૃપિતૃદેવના બ્રહ્મચારી;
અમે અતિથિઆચાર્યના બ્રહ્મચારી;
અમે સત્યના વ્રતિયા બ્રહ્મચારી;
અમે ધર્મના તીર્થના બ્રહ્મચારી;
અમે પરમ પન્થના બ્રહ્મચારી;
અમે યોગના યાત્રાળુ બ્રહ્મચારી;
અમે અનાહત નાદના બ્રહ્મચારી;
અમે બાળુડા તપસ્વી બ્રહ્મચારી;
અમે દેવના દેવત્વના બ્રહ્મચારી;
અમે અગમ્ય દેશના બ્રહ્મચારી.

૬

બ્રહ્મચારી રે હો ! બ્રહ્મચારી;
અમે બ્રહ્મત્વ કેરા બ્રહ્મચારી;
અમે જનતાના બ્રાહ્મણ બ્રહ્મચારી;
અમે વનવન કલ્લોલતા બ્રહ્મચારી;
અમે પ્રભુના પનોતા બ્રહ્મચારી;
અમે સંસારી સાધુ બ્રહ્મચારી;
અમે જગના જોગન્દર બ્રહ્મચારી;
અમે અલખના અવધૂત બ્રહ્મચારી.

૭

બ્રહ્મચારી રે હો ! બ્રહ્મચારી;
અમે ભણતા–ભણાવતા બ્રહ્મચારી;
અમે લોકસેવાના બ્રહ્મચારી;
અમે પુણ્યજીવનના બ્રહ્મચારી;
અમે પ્રારબ્ધ ઘડનાર બ્રહ્મચારી;
અમે ઇતિહાસ ખેલનાર બ્રહ્મચારી;
મહાકાળના ઘાટના બ્રહ્મચારી.

૮

બ્રહ્મચારી રે હો ! બ્રહ્મચારી;
અમે બ્રહ્માંડદેવના બ્રહ્મચારી;
અમે આનન્દબ્રહ્મના બ્રહ્મચારી.

૩૨ : જગતના ભાસ

જોજો, જોજો, જગતના આભાસ, જન સહુ ! જોજો રે,
ઊંડા ભાળી અનન્ત ઉજાસ આંસુડાં લ્હોજો રે.

કાળાં વાદળ ઉલટે અથાગ ભર્યાં અન્ધકારે રે,
ત્હો યે અનુપમ તેજસોહાગ દિશાઓ પ્રસારે રે.

સૂની શોકની માઝમ રાત ઘેરી ઉતરશે રે,
મંહી ચન્દ્રની અમૃતભાત ઝીણી ઝગમગશે રે.

અયિ ! દુઃખ તણી મ્હારેલ ક્ષિતિજ ફરી વળશે રે,
દૂર દૂર ક્ષિતિજને મ્હેલ સુખડાં સુહવશે રે.

જોજો, જોજો વિધિના આ ફન્દ, અલૌકિક જોજો રે,
ઊંડા ભાળી અખંડ આનન્દ આંસુડાં લ્હોજો રે.

૩૩ : અનુભવમાળા

અનુભવમાળા લખું, કે ન લખું, ત્‍હો યે શું ?
ગહન સત્યો સુખદુઃખ બની આવે:
વિતર્કજાપો જપું, કે ન જપું, ત્‍હો યે શું ?

મહાતત્ત્વો અશિથિલ ગૂંથાઈ બેઠાં:
હવે આંખો ભરૂં, કે ન ભરૂં, ત્‍હો યે શું ?

કૃપાઅશ્રુ પ્રિયનાં મળ્યાં હતાં તે:
કરુણ ગીતો રડું, કે ન રડું, ત્‍હો યે શું ?

હતાં વ્હાલાં અણમોલ, વિખેરાયાં:
ભુવન સાજે સજું કે ન સજું ત્‍હો યે શું ?

અનુભવગાનો લખું, કે ન લખું, ત્‍હો યે શું ?

૩૪ : ધર્મરાયના પાર્ષદને વિદાય

卐

આવજો, ધર્મપુરીના પાટવી રે !
આવજો, બ્રહ્મલોકના મહેમાન જો !
આવજો, પાવન કરજો આંગણું રે !
આવજો લઈ પ્રભુજીનાં નિશાન જો !
આવજો ને રોપજો ધ્વજ અમ આંગણે રે.

નથી કાંઈ પૂછયું, નથી કાંઇ પૂછવું રે,
નથી કાંઈ પારખવા પયધામ જો !
કાગળિયા લાવ્યા મહારાજના રે !
લખિયા મંહી બ્રહ્માક્ષર 'રામ' જો !
પ્રભુજીએ સંભાર્યા અમ સ્નેહીને રે.

જગત ઉતારી દીધ કરે દેવને રે,
સાચવજો એ પ્રાણુવિરામ જો !
ભીંજે દાનસમય અમ આંખડી રે,
નથી અપશુકન, ઘડી અભિરામ જો !
લ્યો, ને કરજો જતન અધિકડું રે.

કાળા ઘૂમશે ઘન કદિ આભમાં રે,
બળતી વીજ કરશે ચમકાર જો !
ગિરિવર શા જોગી પણ ડોલશે રે,
ઉઘડશે પાતાળનું દ્વાર જો !
એવી પાપની પળથી ઉગારજો રે !

એક પાંખે લખ્યાં ઉંચાં ઉડવાં રે,
એક પાંખે લીધ ધર્મનો હાર જો;
એક કરમાં ધર્યો અમૃતદીવડો રે,
મુદ્રા મંહી જગના ઉદ્ધાર જો:
અદ્‌ભુત દર્શનથી ઠરી આંખડી રે.

એક મીટમાં પૃથ્વીનું વિરામવું રે,
એક મીટમાં ઉઘડવાં સ્વર્ગ જો !
વદન ભરી ગેબી એક હાસવું રે,
મૂર્તિમાં ધર્મરાયનાં ભર્ગ જો !
મંગળ દર્શનથી મનડું ઠર્યું રે.

નથી સત્કાર્યાં નથી સેવા કરી રે,
આપ્યું એક નમન પદ માંહી જો !

કહેજો નમન વળી મહારાજને રે,
દેજો દેવકુળોને સાંઈ જો!
વીનવજો, વગડે નવ વીસરે રે.
બાંધી બાંધી દિશાઓ સરી જતી રે,
પન્થ અજવાળે શશિયરભાણુ જો!
ઢાળે તેજ અનુપ કંઈ તારલા રે,
ત્ય્હાંથી કરજો મધુર પ્રયાણુ જો!
મધુરા પન્થ પ્રભુ દરબારના રે.
એક દિન પ્રભુજી આણાં વાળશે રે,
છાશે અમ પર પુણ્યની છાંય જો!
વીર હો! ત્ય્હારે પૂજવા આવશું રે
પ્રેમળ દેવોમાં પ્રભુરાય જો!
સંચરશું ત્ય્હારે સંગાથમાં રે.
આવજો, મ્હોટા ઘરના મ્હોડવી રે!
આવજો અમુલખ જોઈ સંજોગ જો!
આવજો, આદર છે અમ આંગણે રે,
આવજો, મનભર કરશું યોગ જો!
રાજકાગળ લઇ અવધે આવજો રે.

૩૫ : હૈયાનાં હેત ને દુનિયાના દંશ

હૈયાનાં હેત વ્હેતી વાંસળી વાગી!
વાંસળી વાગી,
ને મ્હારી છાતી હો! જાગી:
દુનિયાના દંશ દેતી વાંસળી વાગી.

એનો ઘેરો ટ્હૌકાર,
મ્હારા ઉરનો આધાર,
મ્હારો ઊંડો–ઊંડો જાણે જીવનલલકાર:

દુનિયાના દંશ દેતી વાંસળી વાગી.
વાંસળી વાગી,
ને મ્હારી છાતી હો! જાગી:
હૈયાનાં હેત વ્હેતી વાંસળી વાગી.

૩૬ : હો મુનિવર ! જાગજો રે

હો મુનિવર ! જાગજો રે, કે ઝંખે જગ જોગીની જમાત;
કે વાટ જોતી ઉભી રે કે મીટડી માંડી માનવજાત.

અબોલ કાંઈ ઉચ્ચરે રે, નિઃશબ્દના પડઘા પડે બ્રહ્માંડ;
ત્રિકાળ આજ પૂછતો રે કે શાં શાં માંડયાં જગકલ્યાણ ?

નૃલોક ઉભો ન્હોતરે રે, કે ન્હોતરે સ્વર્ગ થકી સુરવૃન્દ;
હે ! પૃથ્વિના તીર્થમાં રે કે પુણ્યશાળીનો મળ્યો મહાસંઘ.

સુણો એ અબોલડા રે, દિશાઓ પૂછે દિશાને વાત;
મુનિવર ! જાગજો રે, કે ઝંખે જગ જોગીની જમાત.

૩૭ : આ જગની ઝાળો

આ જગની ઝાળો
શમવે, એ ક્યહાં છે અમૃતમેહુલા ?

હૈયાના અગ્નિ ઠારે, અમૃત વરસે સંસારે;
ફૂલ ઝરતા આરે આરે
એ સન્તો દોહ્યલા.

આ જગની ઝાળો
શમવે, એ ક્યહાં છે અમૃતમેહુલા ?

૩૮ : મળજો જતીસતી રે કોઈ

મળજો જતીસતી રે કોઈ સાહેબને દરબાર;
મળજો જતીસતી રે કોઈ— (પ્રાચીન)

ધીંગાં, ધોરી, ભારખમા,
સદ્ધર્મ તણા શણગાર;
પુણ્યપાપના પરખન્દા
કાંઈ બ્રહ્મજળે ઘૂમનાર:
મળજો જતીસતી રે કોઈ માલિકને દરબાર.

આંખડલી અનભેમાં રમતી,
ઉછળે ઉરનાં પૂર;
સત્ ચિત્ આનન્દે ખેલન્દા,
ધર્મધુરન્ધર શૂર:
મળજો જતીસતી રે કોઈ અહાલેકને દરબાર.

૩૯ : જોગીડો

જોગીડો આવે છે ઘેર;
પધરાવું આંગણે કઈ પેર ?
જોગીડો આવે છે ઘેર.

હાસ્યથી વધાવું, એને હેતથી ઓવારૂં હું;
પાંપણેથી પડે ઉરસેર;
જોગીડો આવે છે ઘેર.

આજ અલબેલો મ્હારા પ્રાણનો પરૂણલો;
કાલે વિજોગ કેરાં વેર;
જોગીડો આવે છે ઘેર.

વદને આનન્દ, અંગોઅંગમાં આનન્દ એને;
રૂપ તો આનન્દની લહેર;
જોગીડો આવે છે ઘેર;

જોગણનો પ્રીતમ ને જોગણનો વીર એહ;
હુલ્લાસું આલી ! હેર હેર;
જોગીડો આવે છે ઘેર.

જોગીડો આવે છે ઘેર;
પધરાવું પ્રાણમાં કઈ પેર ?
જોગીડો આવે છે ઘેર.

૪૦ : જોગી તણા જયકાર

અહો ! જોગી તણા જયકાર
બધું બ્રહ્માંડ ભરે;
હરિના ધ્વજને ધરનાર
જગે જયયાત્રા કરે.

યુદ્ધ જીત્યો રણસ્થંભ જીત્યો જેહ,
લોક જીત્યો જેણે ક્રોધને જીત્યો;
લક્ષ્મી જીત્યો જેણે લોભ જીત્યો,
કંઈ દુઃખ જીત્યો જેણે શોકને જીત્યો;
ઈન્દ્ર જીત્યો જેણે યજ્ઞ જીત્યો,
અંહી મોક્ષ જીત્યો જેણે આનન્દ જીત્યો;
વિશ્વ જીત્યો જેણે કામ જીત્યો,
અને બ્રહ્મ જીત્યો જેણે આતમ જીત્યો.

હરિના ધ્વજને ધરનાર,
જગે જયયાત્રા કરે;

અહો ! જોગી તણા જયકાર,
બધું બ્રહ્માંડ ભરે.

૪૧ : યોગીનો અંચળો

હો–ઓ ! દુઃખનો દિલાસો એક યોગીનો અંચળો;
હો–ઓ ! પ્રારબ્ધનો પાસો એક યોગીનો અંચળો.

જે કાન્ત છે કેસરીનો સુવર્ણ;
સંસારનો જેહ હિરણ્યવર્ણ;
જે વિશ્વસોહવતું સુન્દર સૂર્યતેજ;
યોગી જનનો સહુસુભગ તે બ્રહ્મવર્ણો જ ભેખ.

હો–ઓ ! સંસારની શાન્તિ એક યોગીનો અંચળો;
હો–ઓ ! આત્માની કાન્તિ એક યોગીનો અંચળો.

卐

૪૨ : જગના જોગીઓ હો !

જગના જોગીઓ હો !
પુણ્યપરમાર્થીઓ હો !
કરજો હૈયાના હિમવાન.

ચન્દ્ર સૂરજ ને મેઘ મલપતા વરસે અમૃતધાર,
દેવ ! વરસે અમૃતધાર;
અખેપાત્રઅંજલિએ ઝીલી એ
સન્ત ! વરસો ધરાને પગથારઃ
કરજો હૈયાના હિમવાન.

પરમ સૌમ્ય સન્દેશા ઉતરે, સુણજો શ્રવણચતુર,
દેવ ! સુણજો શ્રવણચતુર;
આત્માનાં સરોવર ઠાલવી વહજો
સન્ત ! પુણ્યની નદીઓનાં પૂરઃ
કરજો હૈયાના હિમવાન.

૪૩ : મુજરો

મુજરો માનજો, મહારાજ !
અમ ઘર આવજો, મહારાજ !
તલપે દિલ ને જલપે જીવ,
એ નગર પધારજો, મહારાજ !
મુજરો માનજો, મહારાજ !

પ્રેમનગરના પુરાતન ઘાટે,
પ્રીતમપ્રિયની સનાતન વાટે,
રંક કુટીર અમ છે તે
સલૂણી સુહાવજો, મહારાજ !
અમ ઘર આવજો, મહારાજ !

૪૪ : અયિ અખ્તરે ઇલ્લાહી !

અયિ અખ્તરે ઈલાહી !
અહ જહ્વચે ઇબાદત !
વરસી પ્રકાશ ત્હારા
વરસાવ દિલની શાદત.

રંગે રૂપે રસીલું
જગ પાપની ગુફા છે;
અમ પાપની ગુફાઓ
તુજ પુણ્યથી સફા છે.

સરિતા સરોવરોમાં
નીર મેહુલો ઉછાળે;
ત્યમ જ્યોત ત્હારી ઉરના
અન્ધારને ઉજાળે.

૪૫ : વનનાં આમન્ત્રણ

વનનાં આમન્ત્રણ આવ્યાં, વ્હાલમજી !
પુરને મહેલ શી ઉણપો હશે ?
લીલમલીલી એ કુંજો ઘેરાય, ત્ય્હાં
એવી વિરાટની વિભૂતિ શી વસે ?
વનનાં આમન્ત્રણ વિ.

વનમાં કોયલડી ટહુકે, વ્હાલમજી !
પુરમાંની મેના તો પીંજરે પડી;
વનમાં કો કોકિલા ગાજે ગગન ભરી,
પુરમાં પટરાણીઓ રમણે ચ્હડી :
વનનાં આમન્ત્રણ વિ.

વન માંહિ કેસરીની કેસર, વ્હાલમજી !
પુરમાં કિરીટીનાં કિરણો સ્ફુરે;
વનમાં વૈરાગ્ય ને વિલાસ છે સોહામણા,
પુરમાં સુવર્ણનાં સ્વપ્નાં ઉરે:
વનનાં આમન્ત્રણ વિ.

વનમાં સરોવર ઘેરાં, વ્હાલમજી !
 પુરના તો કુંડ કાંઈ છાછરછલ્યા;
વનમાં શકુન્તલા, ને વનમાંહિ રાધિકા,
 પુરમાં તો કુબ્જાનાં કામણ, ભલા !
 વનનાં આમન્ત્રણ વિ.

વન કેરા આંબલા મ્હોર્યા, વ્હાલમજી !
 પુરમાં કટોરાઘાટ કુંડાં ઉભાં:
વનમાં જોગી જહાંગીરી માણે, નાથ !
 પુરમાં ગરીબોનાં દિલડાં દૂભ્યાં:
 વનનાં આમન્ત્રણ વિ.

વનમાં તપોવને તપસી, વ્હાલમજી !
 પુરમાં વણિક કાંઈ વણજે ખીલ્યા;
વનમાં તો વિશ્વનો વિહારી વિહારે, ને
 પુરમાં મનુષ્યની ઝબકે કલા:
 વનનાં આમન્ત્રણ વિ.

વનનાં આમન્ત્રણ આવ્યાં, વ્હાલમજી !
 પુરનાં યે પુણ્યપાપ ઓછાં નથી;
વનની મઢૂલીમાં સીતા ને રામજી,
 રમશું ત્ય્હાં વનની કથાઓ કથી:
 ચાલો, વનવનની કથાઓ કથી:
 વનનાં આમન્ત્રણ વિ,

૪૬ : હો યોગીન્દ્ર !

અહો ! દૂર દૂર દૂરના દરવેશ ! હો યોગીન્દ્ર !
આપો દેવના યે દેવના સન્દેશ, હો યોગીન્દ્ર !

અહો ! દુઃખિયાંને એક દેવબોલ, હો યોગીન્દ્ર !
આપો માનવીને એક બ્રહ્મકોલ, હો યોગીન્દ્ર !

અહો ! અધૂરાં પૂરાય એવી આશ, હો યોગીન્દ્ર !
આપો અન્ધારાં ઉજાળે એ ઉજાસ, હો યોગીન્દ્ર !

અહો ! સદન સદન પુણ્યના સુવાસ, હો યોગીન્દ્ર !
આપો પ્રાણ પ્રાણ પ્રભુજીના વાસ, હો યોગીન્દ્ર !

卐

૪૭ : જોગીઓની ગુફાઓ

ગુફાઓ જોગીઓ કેરી:
બોલે બોલી ઘેરી ઘેરી:
યુગના યુગને હેરી હેરી:
ગુફાઓ જોગીઓ કેરી.

ઘેરી ગુફાઓ ગભીરૂં શું બોલે:
કાલ હસે, પણ મર્મ ન ખોલે:
અનહદ બોલી એની અનેરી:
ગુફાઓ જોગીઓ કેરી.

૪૮ : જાગે જગતમાં જોગીરાજ એક

જાગે જગતમાં જોગીરાજ એક;
કાળી અન્ધારી રાત છવાઈ રહી;
    જાગે જગતમાં જોગીરાજ એક.

દુ:ખનો જોગી કોઇ, દિલનો જોગી કોઇ;
આતમનો રોગી જોગીરાજ એક;
    કાળી અન્ધારી રાત છવાઈ રહી વિ.

દુનિયાનો જોગી કોઈ, દેવનો જોગી કોઈ;
પ્રેમનો ભોગી જોગીરાજ એક;
    કાળી અન્ધારી રાત છવાઇ રહી વિ.

૪૯ : યમદમ યોગીની શતાબ્દિ

(ક. દ. ડા. ની ૧૦૧ મી જન્મજયન્તી)

જોગી ! ત્હારાં જીવનનાં સો–સો વર્ષો વીતિયાં હો જી,
જોગી ! એ તો અલખની અંજલિનાં પૂર;
જોગી ! ત્હારા જન્માક્ષર આજે જગતે ઓળખ્યા હો જી,
જોગી ! એનાં અધૂરાં ત્હેં પૂરિયાં નૂરઃ
જોગી ! ત્હારાં જીવનનાં વિ.

જોગી ! તું તો અમરાપુરીથી ઉતર્યો આંગણે હો જી,
જોગી ! ત્હારે અમરોનાં આગલ્યાં ઓળખાણ;
જોગી ! ત્હેં તો આગમ આ યુગનાં ભાખિયાં હો જી,
જોગી ! એનાં આજે યે આવતાં એંધાણ;
જોગી ! ત્હારાં જીવનનાં વિ.

જોગી ! જેવી ફૂલડાંની ફોરમ ફોરે બાગમાં હો જી,
જોગી ! જેવા શીતળ ચન્દ્રના ઉજાસ;
જોગી ! ત્હારા જીવનની મીઠી મધુરી મંજરી હો જી,
જોગી ! ત્હેના સાધુતા શીતળા સુવાસ;
જોગી ! ત્હારાં જીવનનાં વિ.

જોગી ! જેવા ગિરિવર તો ગેબી ધ્યાનમાં હો જી,
જોગી ! જેવાં ભરિયાં સરોવર નીર;
જોગી ! જેવા ગગનના સેજળ સાગરો હો જી,
જોગી ! એવા ગરવા ને ગુણગંભીર;
જોગી ! ત્હારાં જીવનનાં વિ.

જોગી ! ત્હારા અક્ષરદેહ અણુઆથમ્યા હો જી,
જોગી ! અંહી અવનીમાં અવઘોનાં માપ;
જોગી ! તું તો બેઠો જઇ અમૃતગોખમાં હો જી,
જોગી ! અંહી જગતમાં ત્રિવિધના તાપ;
જોગી ! ત્હારાં જીવનનાં વિ.

જોગી ! બોલે મેના ને ટહુકે કોયલ મોરલા હો જી,
જોગી ! ત્હારો લીલો–સૂકો ગુજરાત;
જોગી ! બ્રહ્મમુહૂર્તે ભડકિયા શા ઉગિયા હો જી,
જોગી ! જાગ્યા સન્તો, ને આથમી રાત;
જોગી ! આવ્યો અરુણ, ને પડિયાં પ્રભાત :
જોગી ! ત્હારાં જીવનનાં વિ.

૫૦ : હો શરમણુ ! આવજો અમ ઘેર

હો શરમણુ ! આવજો અમ ઘેર;
કહો, જગ ઉતરવાં કઈ પેર ?
હો શરમણુ ! આવજો અમ ઘેર.

જગતને અન્ધારાંના ઘેર;
તિમિરનાં વન વીંઝે ચોમેર;
એ કયમ તરવાં આતમભેર ?
હો શરમણુ ! આવજો અમ ઘેર.

રસ ને રૂપમાં વરસે ઝેર;
પાપ ને પુણ્યની વહતી સેર;
એ કયમ ઓસરશે અન્ધેર ?
હો શરમણુ ! આવજો અમ ઘેર.

કહો, જગ ઉતરવાં કઈ પેર ?
વહે કયમ પરમ પ્રકાશની લ્હેર ?
હો શરમણુ ! આવજો અમ ઘેર.

૫૧ : જોગીઓનાં બાળ

અમે જોગીઓનાં બાળ !
ગેરુ ધરીને ધરાવશું,
પીને પાઈ દઈશું કાળ:
અમે જોગીઓનાં બાળ. ધ્રુવ

ધોળ્યા ચાંદા ને ધોળ્યા સૂર્યને,
ધોળ્યાં દિવસ ને રાત્ર;
ઘોળી ઘોળી ને સોમ સારંચો,
છલકે એ અમ પાત્ર:
પાત્ર ધર્યું મુખ જગતને:
અમે જોગીઓનાં બાળ !

શોક ને મોહ સરી પડયા,
લાધ્યાં સ્નેહ ને કલ્યાણ;
ઝોળી ભરી ભરી લાવિયે,
અમને ચાખવાની આણ;
થાળ પૂરી જગ પાઠવ્યા;
અમે જોગીઓનાં બાળ !

ગિરિ ગિરિના કણ સંઘર્યાં,
સોંપ્યા મનુને સમાજ;
કોઈએ રચ્યાં રક્ષણ દેહનાં,
કોઈએ પ્રાણ કેરા સાજ:
ઉત્સવ જોઇને આનન્દિયે:
અમે જોગીઓનાં બાળ !

૫૨ : અવતાર ભયો !

આનન્દો, સજન ! આનન્દો,
હરિનો અવતાર ભયો : આનન્દો !

સૂર્ય ઉગ્યો, પરભાત ભયો, ને રજની વિખરઈ જાય;
જગત–જગતમાં જ્યોત ઝગે, એમ
જગત–જગતમાં જ્યોત ઝગે, એમ
દેહમાં દીવડિયા થાય:
હરિનો અવતાર ભયો : આનન્દો !

ધૂપ જલે, પરિમળ મ્હેકી રહે, પૂજનફૂલ ફોરાય;
પાપનાં હવિ સહુ જળી રે ગયાં, ભાઈ !
પાપનાં હવિ સહુ જળી રે ગયાં, ભાઈ !
પુણ્યના પરાગો પમરાય :
હરિનો અવતાર ભયો : આનન્દો !

વસન્ત બેસે, મ્હોર ફૂટે, આવે ઉરના મહેમાન;
આત્માની વેદીએ ઉતર્યા અલેક એવા,
આત્માની વેદીએ ઉતર્યા અલેક એવા,
પ્રેમનાં ધરાવો પયપાન :
હરિનો અવતાર ભયો : આનન્દો !

હુલ્લાસો, હૃદય ! હુલ્લાસો,
હરિનો અવતાર ભયો !

૫૩ : બ્રહ્માનન્દઘેલા

જંગલના જોગી
    વ્હાલા ! બ્રહ્માનંદઘેલાઃ
જગના ગુરુઓ,
    એ તો હરિજનના ચેલાઃ
    વ્હાલા ! બ્રહ્માનન્દઘેલા.
જંગલના જોગી વ્હાલા બ્રહ્માનન્દઘેલા   ધ્રુવ.

સંસરસાગર ભર્યો વિષઅમૃતે આ,
જામ્યું સુરાસુરનું મન્થન નીરમાં, હા !
    મોજાં પ્રચંડ ઉછળે ભવલોઢ શાં, ને
ડૂબે જહાજ કંઇ, કો તરી ઉતરે ત્ય્હાં.

અમૃતના આંબા,
 એ તો નમણા નમેલા;
વખડાંને ઘોળી ઘોળી
 પીવામાં પહેલા:
 વ્હાલા ! બ્રહ્માનન્દઘેલા.
જંગલના જોગી વ્હાલા ! બ્રહ્માનન્દઘેલા.

જોગી એ જ ભોગી સાચા,
 કુદરતધાવેલા, કુદરતધાવેલા,
 કુદરતધાવેલા:
 વ્હાલા ! બ્રહ્માનન્દઘેલા.
જંગલના જોગી વ્હાલા ! બ્રહ્માનન્દઘેલા.

૫૪ : કેટલે?

કહોને, દેવ! ફૂલડાં ફોરે તે વાય કેટલે?
કહોને, દેવ! હૈયાં ઢળે તે જાય કેટલે?

કહોને, દેવ! રાતના અન્ધાર મઢયા કેટલે?
કહોને, દેવ! દિનના પ્રકાશ પડયા કેટલે?

કહોને, દેવ! દુનિયાના દુઃખભાર કેટલે?
કહોને, દેવ! માનવીનું મોક્ષદ્વાર કેટલે?

કહોને, દેવ! આંખડી ઉઘડે તે ઉડે કેટલે?
કહોને, દેવ! ગરૂડો ઉડે તે ચ્હડે કેટલે?

૫૫ : ભેદના પ્રશ્ન

મ્હેં તો કુંકુમે લીંપ્યું મ્હારૂં આંગણું રે લોલઃ
કોઈ ભેદુ આવો તો ભેદને ભણું રે લોલ.

મ્હારી આંખે અમોઘ આંસુડાં વહે રે લોલઃ
વિધિ જોઇ–જોઈ કાં હસી રહે રે લોલ ?

આવો શાસ્ત્રી ! સદ્‌બોધો મ્હારી આંખડી રે લોલઃ
પ્રાણ વારી પૂજીશ પદચાખડી રે લોલ.

મહાગિરિને ગહ્‌વર ધોધ ઉછળે રે લોલઃ
ત્હેના અકળીત નીરઘોર કો કળે રે લોલ ?

ત્હો ય ધોધ કેરે ધમક જગત ધમધમે રે લોલઃ
મ્હને આંસુના એમ અનુકમ્પ ગમે રે લોલ.

કોઇ સ્નેહીના પાલવ લોચન લ્હૂવે રે લોલઃ
નીચે ઉછળે ઉરસ્નેહ, આત્મ એ જૂવે રે લોલ.

ગાન સ્હમજ્યું ન, ત્હો ય ગાન વેદનાં રે લોલ:
રુદન અરૂચે, રૂચે છે ત્હો ય વેદના રે લોલ.

બાળ પજવે, હા! ત્હો ય મ્હારા અંગનાં રે લોલ:
આંખ રડતી, તે ત્હો ય પ્રાણઅંગના રે લોલ.

જ્ઞાની! સાધુ! આવો તો કહું વાતડી રે લોલ:
ઉભા રહો તો ઉઘાડું મ્હારી છાતડી રે લોલ.

કૃપનાથે બ્રહ્માંડ એવું કાં કીધું રે લોલ?
આંખ આવડી, ને જગ તો મ્હોટું બધું રે લોલ.
ગામપાદર બેસી કાં બોલે મોરલા રે લોલ?
ચન્દ્રસૂરજ સન્તાડે વદન કાં ભલા રે લોલ?
મહાબ્રહ્માંડ ક્ય્હારે ઘૂંઘટ ખોલશે રે લોલ?
ક્ય્હારે સચરાચર બ્રહ્મનીર ડોલશે રે લોલ?
આવો સન્તો! તમ પગલે પાવન થવું રે લોલ:
પ્રાણકૃપન્તા પ્રશ્ન પદે ઠાલવું રે લોલ.

ખીલી વસન્ત, ડાળ લૂમખે લચી રે લોલ:
ટુંકો આંખો; ને લાંબી દૃષ્ટિ કાં રચી રે લોલ?
વિશ્વ વીંટી આકાશની ઝાડી ઝૂકી રે લોલ:
મધુ વનમાં, મીઠાશ જીભે શે મૂકી રે લોલ?

ઢળે અઢળક રસ મેઘ મહારેલમાં રે લોલ:
સમી સ્હાંઝે ભરૂં તે મ્હારી હેલમાં રે લોલ:
મ્હારા ઉરથી ન હેલ તો મ્હોટી કશી રે લોલ:
ભરૂં-ભરૂં ત્હો ય ખાલી હેલ, ભાગ્ય શી, રે લોલ.

છતાં શીળો અગ્નિની ઉપર ચાલવું રે લોલ:
ફૂલ ફૂલે, તો ઘડીનું એ ફાલવું રે લોલ.

તેજ આવે, તો અર્ધ દિવસ આથમે રે લોલ:
જીવન જાગે, તો અર્ધ નીન્દમાં શમે રે લોલ.

મોરવરણું અખંડ ચાપ ઈન્દ્રનું રે લોલ:
જોવું–રોવું: સૌન્દર્ય એવું કાં બન્યું રે લોલ?

લોક કહે છે, પ્રભુના મીઠા બોલડા રે લોલ:
એક લીધા શું મુજ શું અબોલડા રે લોલ?

તેજ–અન્ધકાર મળી ગૂંથે દિનને રે લોલ:
હસવું–રડવું: એ ઉભય રચે જીવનને રે લોલ

મ્હને એટલું–ઓ! એટલું કહો કથી રે લોલ:
દીઠું અદીઠું હો સન્ત! કાં થતું નથી રે લોલ?

卐

૫૬ : દૂર-દૂર, અનહદમાં

(ઈંગ્રેજીમાંથી ભાષાન્તર)

૧, શાં દર્શન દોરે પરિચિત ક્ષેત્ર વીંધી ? હા !
જ્ય્હાં ધરતીલીલા નીલ વાદળમાં ળ્હે, ત્ય્હાંઃ
કંઇ દૂર-દૂર, અનહદમાં.
૨, શા સ્વર મન ગમતા સ્વદેશની કુંજોમાં ?
મૃદુ મંજુલ ઘંટાગુંજન સાન્ધ્ય સમયનાંઃ
કંઈ દૂર-દૂર, અનહદમાં.
૩, શી અધુરમધુર જગકથની, ગહન સુખદુઃખો,
ભણકાર ભરે શા બાળવયે એ શબ્દો !
કંઈ દૂર-દૂર, અનહદમાં.
૪, શું રહસ્ય જીવનપ્રભાત તણાં જ પ્રગટતાં ?
કે મૃત્યુપારનાં પ્હેરોડ લહરી લહરતાં ?
કંઈ દૂર-દૂર, અનહદમાં.
૫, દૂર-દૂર, કય્હાં દૂર ! અયિ ! શું જન્મવ્યોમ પાછળથી ?
એ ઝાંખી ક્ષિતિજ, બ્રહ્માંડસીમ આગળથી ?
કંઈ દૂર-દૂર, અનહદમાં.
૬, શો મોહમન્ત્ર એ શબ્દે ! શબ્દ ન કૂહે કો;
ઓ શમતા શબ્દ ! શું સંગીત સજીવ કરે કો ?
કંઈ દૂર-દૂર, અનહદમાં.

૫૭ : ઘંટારવ

(ટેનીસનના ઈન મેમોરિયમમાંના એક ખંડનું ભાષાન્તર)

તુજ ગુંજ ઘંટા ! ગુંજજે;
ઝંકાર તુજ ઝંકારજે;
આકાશમાં તોફાન, ઘનના ભાર છે;
વળી ધુમ્મસે ઘેરેલ તેજંબાર છે;
અયિ ! કાળના સાગર વિશે શમ્યું વર્ષ ઊંડી રાત્રિમાં,
કંઈ ગુંજ, ઘંટા ! ગુંજ તુજ ગુંજાર એ વર્ષાન્તના.

જઈ દૂર ગુંજ પુરાણને;
નવલું કશું અંહી ગુંજજે;
હિમપારથી અયિ ધન્ય ઘંટા ! ગુંજજે;
વળી વર્ષ વીત્યું, વીતવા દે વ્યોમમાં,
ગુંજી જજે જ અસત્ય, ઘંટા ! ગુંજ સત્યની ગુંજના.

કરી વિશ્વને સૂનાં-સૂનાં ચાલ્યાં ગયાં,
જે પ્રિય હૃદયમાં મન્દતા મૂકતાં ગયાં,
એ મન્દતા લઇ ઉડજે, મંગલમયા !
ધનવન્ત ને ધનહીનના કંકાસ ગુંજી કહાડજે,
મનુકુળમાં તુજ સાન્ત્વનાનાં ગુંજનો ગુંજારજે.

દૂર ગુંજ સંસ્થા મૃત્યુમુખ ઢળતી જતી;
હુડુયુદ્ધના હુંકાર કાળજૂના વિધિ;
ઉન્નત વિધાનો જીવનાના ગજવશે તુજ ગુંજનો,
વધુ વહી વર્તન મીઠડાં, ને પ્રેમનિર્મળ કાનુનો.

કંઈ પાપ, કંઈ વાંછા, હૃદયની વેદના,
શ્રદ્ધાવિહોણા નિરુત્સાહો હાલના,
દૂર ગુંજી જા કો કોતરોમાં કાળનાં:
મુજ શોકઘેરાં ગીત પણ દૂર ગુંજ, માનવકુંજમાં
કો મહાભાવ વિશાળ વીણાધારના ગુંજાર ગા.

જુઠ્ઠી મહત્તા જન્મ ને જાગીરની,
રાષ્ટ્રીય કલંકો, વૈરબુદ્ધિ વીરની,
વહી ગુંજ, ઘંટા ! ઘોર માંહિ અઘોરિણી:
પણ સત્ય ને નીતિ વિશે નવરંગ સ્નેહ જગાડજે,
જગક્ષેમના રસપ્રેમની લગની અખંડ લગાડજે.

જૂની ટાળ રીતિ રોગની, ઉદ્વેગની;
અયિ ! ટાળ કાંચનકામના સંકોચતી;
કર શાન્ત ગુંજી સહસ્ર વર્ષો વિશ્વના સંગ્રામનાં,
ગુંજી જગાવ પ્રશાન્ત તે ગુંજાર સન્તત શાન્તિના.

અન્તર સદા વિકસાવજે;
કરુણાભર્યા કર લાવજે;
વડું વીરમંડલ શૂર સ્વતન્ત્ર સુહાવજે;
ગુંજી જજે આ દેશના અન્ધાર ઘેરી રાત્રિના,
ગુંજારજે શુચિ રંગ તેજસુહાગ વિશ્વવિધાત્રીના.

અયિ ! ગુંજ, ઘંટા ! ગુંજ તુજ ગુંજાર એ;
ઝંકાર પ્રભુમન્દિરના ઝંકારજે;
મનુબાળ મંગળ મંગળાથી જગાડજે:
તુજ ગુંજનો અહ ! ગુંજ મંજુલભાવ દેવપ્રભાતનાં,
ઘંટા ! અમારા ભુવનમાં સંગીત ગાજે તાતનાં.

૫૮ : આજની રાત રહો, હો રઘુવીર!

આજની રાત રહો, હો રઘુવીર !
સૂર્યની સંગાથે સંચરજો.
કાલે સૂર્યની સંગાથે સંચરજો,
કાલે સૂર્યની સંગાથે સંચરજો :
આજની રાત રહો, હો રઘુવીર !

નરનાથ ! અમારી એ આરત છે;
વીર ! ઝીન્દગી એક ઝિયારત છે;
ભલે; દગથી જશો ત્હોયે ઉરમાં હશોઃ
કાલે સૂર્યની સંગાથે સંચરજો.

આજની રાત રહો, હો રઘુવીર !
સૂર્યની સંગાથે સંચરજોઃ
કાલે સૂર્યની સંગાથે સંચરજો.

૫૯ : આવશે એવાં કો બ્રહ્મનાં તેજ

વનવનનાં અન્ધારાં વામશે,
હો ! આવશે એવાં કો આભનાં તેજ;
હો ! સન્તજી ! એવાં કો દેવનાં તેજ.

જેવો વિશ્વ પ્રકાશી વ્યોમ વિલસે પ્રાતઃસમેનો રવિ,
જેવો રાત્રિ સુહાવી ચન્દ્ર ચમકે પીયૂષનો રાજવી,
ને જેવાં કિરણો અનસ્ત ધ્રુવનાં આવન્ત મિષોન્મિષેઃ
એવાં વર્ચસ્ બ્રહ્મનાં ઉતરશે, અન્ધાર ઉજાળશે.

જગજગનાં અન્ધારાં વામશે,
હો ! આવશે એવાં કો દેવનાં તેજ;
ઉરઉરનાં અન્ધારાં વામશે,
હો ! આવશે એવાં કો બ્રહ્મનાં તેજ;
હો ! સન્તજી ! એવાં કો બ્રહ્મનાં તેજ.

卐

૬૦ : ઉગે છે પ્રભાત આજ

ઉગે છે પ્રભાત આજ ધીમે ધીમે;
ઉગે છે ઉષાનું રાજ્ય ધીમે ધીમે;
ઉગે છે પ્રભાત આજ ધીમે ધીમે.

રજનીની ચુંદડીના
છેડાના હીરલા શા
ડૂબે છે તારલા આજ ધીમે ધીમે;
ઉગે છે પ્રભાત આજ ધીમે ધીમે.

પરમ પ્રકાશ ખીલે,
અરુણનાં અંગ ઝીલે;
જાગે પ્રભુ વિશ્વમાં આજ ધીમે ધીમે;
જાગે પ્રભુ જીવમાં આજ ધીમે ધીમે;
ઉગે છે પ્રભાત આજ ધીમે ધીમે.

૬૧ : અહાલેક

પ્રભો ! તુજ દ્વારમાં ઉભી જગાવ્યો મ્હેં અહાલેક !
જગતના ચોકની વચ્ચે જગાવ્યો મ્હેં અહાલેક !

નથી લીધી પ્રભો ! દીક્ષા, નથી ઓઢી કફની;
નમી તુજ પાય છું ત્હેવો જગાવ્યો મ્હેં અહાલેક !

કમંડળ માહરૂં ખાલી, ભર્યું તુજ અક્ષયપાત્ર;
દીઠી ભંડારમાં ભિક્ષા, જગાવ્યો મ્હેં અહાલેક !

ઘટા ઘેરી પડી નભની, ન મુજ નયનો ભેદે;
શ્રવણ એ ભેદશે ત્હારાં ? જગાવ્યો મ્હેં અહાલેક !

વિરાજે છે તું દિલદરિયાવ, અયિ અદ્‌ભુત યજમાન !
આણું શું તો અમીકરણ દે, જગાવ્યો મ્હેં અહાલેક !

ઘડાવી પાવડી જગનાથ ! પ્રવૃત્તિ કેરી;
ચ્હડી તે પર જીવન ધપતાં જગાવ્યો મ્હેં અહાલેક !

નહીં કાંઇ મળે ત્હો યે મળ્યું દર્શનનું દાન;
મળી-સળગી મીટે મીટ, ને જગાવ્યો મ્હેં અહાલેક !

ઊંડી ઝોળી રહી અધૂરી, જરી તળ ભીંજાયું;
જડયું જીવનું જીવન મ્હારૂં, જગાવ્યો મ્હેં અહાલેક !

જગતના ચોકની વચ્ચે જગાવ્યો મ્હેં અહાલેક !
પ્રભો ! તુજ દ્વારમાં ઉભી જગાવ્યો મ્હેં અહાલેક !

*

૬૨ : માનવનાવ

卐

ભવ-ભવસાગરમાં ડોલે હો ! માનવનાવ.

જો ! પૂર ઘૂમે,
તોફાન ઝઝૂમે;
કાળના તરંગે હો ! કરે આવજાવ,
માનવનાવ.

મહાસાગરમાં ડોલે હો ! માનવનાવ.

૬૩ : ધૂમકેતુનું ગીત

બ્રહ્માંડ બ્રહ્મે પાથર્યું સુખકુંજ સમ ઊંડું,
ત્ય્હાં એકલો ઉડું;
જન, જગત, સૂર્ય, સુહાગી જ્યોત્સ્ના; વિશ્વ બહુ રૂડું,
પણ એકલો ઉડું.

બીડયાં પ્રગટતાં પિચ્છ મ્હેં, પડઘો પડયો 'અહાલેક,'
સુણ્યું સાધુઓએ 'ભેખ;'
હિમમાળ કેરા શિખરશિખરે શબ્દ એ ઢૂંઢું :
હું એકલો ઉડું.

રસના ઉછળતા મોજ! અયિ સૌન્દર્યના સિન્ધુ!
મુજ ખૂટિયાં બિન્દુ;
વિધુબાળ! મા છબતી મ્હને, પડશે રખે ફૂડું,
હું એકલો ઉડું.

ગર્જે મહાનદ ખીણુ ભરી, નભ એ ઝીલે ઝમકાર,
ભીષણુ ઢળે જળધાર;
આઘી ગુફાઓ જોગીની, ગૂઢ મન્ત્ર ત્ય્હાં છોડું,
ને એકલો ઉડું.

દીધું વિધિએ તે પીધું, લીધું રૂપ અબધૂત ઘોર,
તોડી જગતના તોર;
ભયભૂલણી જગજીભ છો ભાખે હવે ભૂંડું:
હું એકલો ઉડું.

મૂંઝવે મનુજને એવી આ વનવન વહે એકાન્ત,
પશુબોલ પડિયા શાન્ત;
અંઘોળ કરી આનન્દના વાઘા વિરલ ઓઢું,
ને એકલો ઉડું.

સુન્દર ભલે સૃષ્ટિ હજો મનમોહિની અભિરામ,
ન્યારાં અમારાં ધામ;
એકાકી આભે ઉતરી, એકાકી ભમી, બૂડું:
હું એકલો ઉડું.

૬૪ : કેસરિયા જોગી !

કેસરિયા જોગી ! સંયમમાં રહેજો. (પ્રાચીન)
સાગર હો તો માઝામાં વહેજો:
કેસરિયા જોગી ! સંયમમાં રહેજો.

જળને તે ઘાટ હોય નિર્મળા હેલો;
ધર્મને ઘાટ હોય નિર્મળા નેહો;
કાળને જીવની કથની કહેજો:
કેસરિયા જોગી ! સંયમમાં રહેજો.

પુણ્યથી ધોઇ ધોઈ પગલીઓ ભરજો;
ધર્મથી ધોઈ ધોઈ કર્મ આચરજો;
સ્મરણોના ડંખ સાધુ ! સ્હેજો:
કેસરિયા જોગી ! સંયમમાં રહેજો.

૬૫: વસમી આ વનની વાટ

જોગીડા! વસમી આ વનની વાટ.
વસમી–વસમી
વસમી આ વનની વાટ:
જોગીડા! વસમી આ વનની વાટ.

નથી વડલા કે વિસામા વનમાં,
નથી નદીઓને ઘાટ:
જોગીડા! વસમી આ વનની વાટ.

આથમે દિન, પણ કદી યે ન આથમે
અન્તર કેરા ઉચાટ:
જોગીડા! વસમી આ વનની વાટ.

૬૬ : પૂછશો મા

પૂછશો મા, કોઈ પૂછશો મા,
        મ્હારા હૈયાની વાતડી પૂછશો મા.

દિલના દરિયાવ મંહી કાંઈ કાંઈ મોતીઃ
ગોતી–ગોતીને ત્હેને ચૂંથશો માઃ
        મ્હારા હૈયાની વાતડી પૂછશો મા.

ટહુકે છે કોકિલા, પુકારે છે પપૈયોઃ
કારણોના કામીને સૂઝશો માઃ
        મ્હારા હૈયાની વાતડી પૂછશો મા.

આસુનાં નીરના કો આશાના અક્ષરો
આછા–આછા ત્હો ય લૂછશો માઃ
        મ્હારા હૈયાની વાતડી પૂછશો મા.

જગના જોદ્ધા! એક આટલું સુણી જજોઃ
પ્રારબ્ધનાં પૂર સ્હામે ઝૂઝશો માઃ
        મ્હારા હૈયાની વાતડી પૂછશો મા.

૬૭ : જગની જાહ્નવી

ઘૂમે ઘૂમે ને ઘેલી વહે,
ને કાંઈ વ્હેતી અખંડ ને અનન્ત રે !
જાહ્નવી જગની ઘૂમે રે !

પાણી ભર્યાં છે પુણ્યનાં,
ને મંહી ઝીલે સુહાગિયાં સન્ત રે !
જાહ્નવી જગની ઘૂમે રે !

સગરકુમારોને તારિયા,
ને એમ તારશે માનવ જાત રે !
જાહ્નવી જગની ઘૂમે રે !

બ્રહ્માંડે ભર્યાં બ્રહ્મનાં અમી,
સાધો ! માણજો મંહી દિનરાત રે !
જાહ્નવી જગની ઘૂમે રે !

૧૮ : જન્માન્તરની જાતરા

એક વેળ સૂરજે કિરણો ફેંક્યાં
        ગગનનાં ઝુંડમાં રે લોલ;
ત્ય્હારથી કિરણે-કિરણે માંડી
        જગકુંજની જાતરા રે લોલ.

પાંખડી-પાંખડીનો રસ ઝીલી
        મધુપ ઉડે મ્હાલતો રે લોલ;
તારલે-તારલે પગલી પાડી
        પ્રવાસી વહે બ્રહ્માંડનો રે લોલ.

વાદળી-વાદળીને ગોખ બેસી
        રમન્ત ચારૂ ચન્દ્રિકા રે લોલ;
એવો પેલો જન્માન્તરનો જોગી
        ઘૂમે છે લોકેલોકમાં રે લોલ.

જાય છે જુગજુગની જાત્રાએ
        એ દેવ શો દિગન્તમાં રે લોલ;
માનવી પુણ્ય ને પાપની પાંખે
        ઉડે છે અનન્તમાં રે લોલ.

૬૯ : જુગ જાગે

હાં રે જુગ જાગે, રે જુગ જાગે!
હાં રે નવવસન્ત કેરી વાંસલડી વાગે:
રે જુગ જાગે!

હાં રે ધર્યાં ધરતીએ વસન્તરંગ રૂડલા;
હાં રે નયનનયને ઉગ્યાં વસન્તફૂલડાં:
રે જુગ જાગે!

હાં રે આંબે-આંબે એ મંજરીઓ મ્હોરી;
હાં રે યુગવસન્ત કેરી ફોરમો રહી ફોરી:
રે જુગ જાગે!

હાં રે તેજઝારીઓ લઈ દેવદેવી આવે;
હાં રે સંજીવનની વસન્તિકા વધાવે:
રે જુગ જાગે!

હાં રે સૌ સોહાગિયાં વસન્ત સમાં ખીલજો!
હાં રે જગતલોક! આ વસન્તજુગ ઝીલજો!
રે જુગ જાગે!

હાં રે જુગ જાગે, રે જુગ જાગે!

૭૦ : પુરનાં પરદેશી

卐

પુરનાં પરદેશી ! અમારે તીર્થે ય આવજો;
ઓ આતમદેશી ! આત્માને તીર્થે ય આવજો.

ગંગા નથી, સ્નેહગંગાનો ઘાટ આ
ત્હમારે પગલે સુહાવજો;
પુરના પરદેશી !

જોગીવેરાગીની સાથે સન્દેશડો
પુણ્યાળુ ! પુણ્યનો કહાવજો;

ઓ તીરથવાસી ! આત્માને તીર્થે ય આવજો;
ઉરના જગવાસી ! અમારે તીર્થે ય આવજો.

૭૧ : સાન્ધ્ય તેજ

(ઇંગ્રેજીમાંથી ભાષાન્તર)

સન્ધ્યારંગ ઉઘડશે, તેજો આવશે;
હો ! તેજો આવશે:

વાદળી ઘડી ઢાંકે તુજ વ્યોમ,
નથી-નથી એ રજનીનાં રોમ:
હો ! તેજો આવશે.

સન્ધ્યારંગ ઉઘડશે, આનન્દો થશે;
હો ! આનન્દો થશે:

ધોતાં જીવન, વરસતાં હર્ષ,
ઉગી વિરમે રમતીલાં વર્ષ:
હો ! આનન્દો થશે.

સન્ધ્યા રંગ ઉઘડશે, મુક્તિ લાવશે,
હો ! મુક્તિ લાવશે:

પાપ ઉભું થઇ ઘુમ્મટ ઘેર,
તુટશે, રણુ શમશે જયભેરઃ
હો ! મુક્તિ લાવશે.

સન્ધ્યારંગ ઉઘડશે, મીઠડું લાગશે;
હો ! મીઠડું લાગશે:

વ્હાલાં કંઇક વિદેશ ગયેલ
વધાવશે તુજ ચરણુ શ્રમેલઃ
હો ! મીઠડું લાગશે.

સન્ધ્યારંગ ઉઘડશે, પ્રભુતા સુહાવશે;
હો ! પ્રભુતા સુહાવશે:

નયન પીશે દર્શન અભિરામ,
લેશે પછી ત્ય્હાં પરમ વિરામઃ
હો ! પ્રભુતા સુહાવશે.

૭૨ : વિદાય

હો સજનો ! લઇશું વનની વિદાય;
કે અતિથિ અનન્તઆંગણ જાય:
હો સજનો ! લઈશું વનની વિદાય.

દશે દિશ ન્હોતરે રે લોલ;
વહતા વાયુ કરે કલ્લોલ;
ઝીલજો દિશદિશના એ બોલ:
હો સજનો ! લઇશું વનની વિદાય.

સહુને વન્દન છે અમ આજ;
આશિષ દેજો, સન્તસમાજ !
જઇશું ઓળંગીને પાજ:
હો સજનો ! લઇશું વનની વિદાય.

૭૩ : દુનિયાં જોવી કીધી દૂર

દુનિયાં જોવી કીધી દૂર,
    મ્હેં તો માંડયાં દર્શન હરિનાં.

જોઇ લીધા જગતના વાઘા વિવિધના;
આરોગી જગની અંગૂરઃ
    મ્હેં તો માંડયાં દર્શન હરિનાં.

સૂર ! નૂર સ્થૂળના બહુ જોયાં;
અન્તે ઉઘાડયાં છે ઉરઃ
    મ્હેં તો માંડયાં દર્શન હરિનાં.

દુનિયાં જોવી કીધી દૂર,
    મ્હેં તો માંડયાં દર્શન હરિનાં.

૭૪ : અનામી નામ ત્હારૂં

હૂંહું છું ફૂલડે ફૂલડે અનામી નામ ત્હારૂં.

અનામી નામ ત્હારૂં, અનામી નામ ત્હારૂં;
લખ્યું આકાશઅવનીમાં અનામી નામ ત્હારૂં:
હો ! અનામી નામ ત્હારૂં,
હૂંહું છું ફૂલડે ફૂલડે અનામી નામ ત્હારૂં.

જગતની જાહ્નવીને નીર અનામી નામ ત્હારૂં;
શશીમુખડે, સૂરજહઇડે અનામી નામ ત્હારૂં;
એ અનામી નામ ત્હારૂં;
હૂંહું છું ફૂલડે ફૂલડે અનામી નામ ત્હારૂં.

ફૂલોનાં કોમળાં હૈયે અનામી નામ ત્હારૂં:
ગિરિની વજ્રછાતીમાં અનામી નામ ત્હારૂં:
ગગનઘુમ્મટની કોરે એ અનામી નામ ત્હારૂં.

હૂંહું છું ફૂલડે ફૂલડે અનામી નામ ત્હારૂં:

૭૫ : આ કમળોની કુંજમાં

આ કમળોની કુંજમાં હું ભૂલી પડી.
ભૂલી પડી, રે હું ભૂલી પડી,
આ કમળોની કુંજમાં હું ભૂલી પડી.

વડલો જટા ઢાળી જળમાં ઢળ્યો શું ?
સંસારજાળીઓ શી જાળીઓ વડીઃ
આ કમળોની કુંજમાં હું ભૂલી પડી.

ઉડતો પરાગ જગ ભરતો મનોહર;
નજરે ન ઝાંખી એહ ભાગ્યની ઘડીઃ
આ કમળોની કુંજમાં હું ભૂલી પડી.

ઉપર આભ, ને નીચે નીર પાથર્યાં;
સારા સૂનકારને શોધે આંખડીઃ
આ કમળોની કુંજમાં હું ભૂલી પડી.

શોધું છું આત્માની આરઝૂ અનન્તમાં;
આયુષ્ય આપું, આપો એહ જો ઘડીઃ
આ કમળોની કુંજમાં હું ભૂલી પડી.

૭૬ : મ્હારે જાવું પેલે પાર

હો ! મ્હારે જાવું પેલે પારઃ
હવે માછીડા ! હોડી હંકારઃ
    મ્હારે જાવું પેલે પાર.

જમણે કાંઠે મથુરા નગરી,
    ડાબે ગોકુળ ગામ;
આ આરે મ્હારી દેહ ઉભી છે,
    ત્‍હાં છે આતમરામઃ
    મ્હારે જાવું પેલે પાર.

આભનો સાગર જળજળ ભરિયો,
    મંહી સૂરજ ને સોમ;
આ આરે છે ધરતીની ભેખડ,
    ત્‍હાં છે ચેતનભોમઃ
    મ્હારે જાવું પેલે પાર.

હલકી હેલે આયુષ્ય ઉછળે,
    જગના વાય સમીર;
આ આરે મ્હારી આશાની કુંજો,
    ત્‍હાં છે પ્રેમમન્દિરઃ
    મ્હારે જાવું પેલે પાર.

હવે માછીડા ! હોડી હંકાર,
    મ્હારે જાવું પેલે પાર.

卐

૭૭ : પગલાંમાં પાથર્યાં કલ્યાણ

સુલક્ષણા ! સાંચરો હો જી રે ! પગલાંમાં પાથર્યાં કલ્યાણ.

૧, આ ભવની રજની ઉતરી, કાંઈ પ્રગટયું બ્રહ્મસ્હવાર;
મારગડે તેજ છાંટયા સવિતૃએ, વેદ ભણે બ્રહ્મચારઃ
સુલક્ષણા ! સાંચરો.

૨, પાપ-મૃત્યુ-અન્ધારમેઘલ નથી વતન નરલોક;
અમૃતવિભૂતિથી અવિચળ ઉજળો આત્મવતન બ્રહ્મલોકઃ
સુલક્ષણા ! સાંચરો.

૩, દેવકુળને વન્દન કહેજો, દેવસખીને સાંઈ;
અમારી ય દેવતિથિ પૂછીને પાઠવજો એ વધાઈઃ
સુલક્ષણા ! સાંચરો.

૪, અણુભૂંસાતી સ્મરણપગલી પાડી ત્હમે અમ ઘેર;
ભૂલકણા અમે ભૂલી ભૂલી મ્હંી ગણશું તમ ગુણસેરઃ
સુલક્ષણા ! સાંચરો.

૫, તેજલોક ને સત્યલોક ને પુણ્યલોકને ઘાટ
આત્મપાંખડીઓ વીણતાં વિચરજો; ભદ્ર હો બ્રહ્મવાટઃ
સુલક્ષણા ! સાંસરો.

૬, જીવનનાં લખે કાવ્ય સહુ કો, પૂરા કીધા ત્હમે કાંડ;
સુન્દરતા દીધ સંચી અંહી, હવે ભવ્ય લખજો બ્રહ્માંડઃ
સુલક્ષણા ! સાંચરો.

૭, વાયુ વાયે દેવપરિમળ, દિશાઓ પમરે આનન્દ;
અનન્ત લહરે લહરી રહ્યો, જાવ, સાગર સચ્ચિદાનન્દઃ
સુલક્ષણા ! સાંચરો.

૮, ભવાભવથી પર, પરાત્પર,મુક્તોના અક્ષરવાસ;
જાવ; હરિવર હરિજન શું ત્ય્હાં અખંડ રમે મહારાસઃ
સુલક્ષણા ! સાંચરો હો જી રે ! પગલાંમાં પાથર્યાં કલ્યાણ.

૭૮ : ગિરિઓમાં મોર

જયા: બોલે–બોલે છે ગિરિઓમાં મોર,
ઢેલડ ટહુકો કરે;
મ્હારે અન્તર ઉછળે અંકોર,
જીવન ઝોલે ચ્હડે.
જયન્ત: નથી જીવનનો બોલ, જયા ! એ,
નથી ટહુકો એ આત્મનૂનો;
નથી ઉરઝરણું, એ ભ્રમરમણાઃ
એ ઘોર ધ્વનિ કંઈ વનવનનો.
જયા: બોલે–બોલે છે શિખરોમાં દેવ,
દેવીઓ હાસ્યે હસે;
મ્હારા આયુષ્યનો અવશેષ
શિખરે ને વગડે વસે.
જયન્ત: નથી જગતનો મન્ત્ર, જયા ! એ,
નથી ન્હોતરૂં એ અમરોનું;
નથી પ્રભુપ્રેરણા, એ સહુ ભ્રમણાઃ
એ ઇન્દ્રજાળ કંઇ અસુરોનું.
જયા: બોલે–બોલે છે ગિરિઓમાં મોર,
ઢેલડ ટહુકો કરે;
મ્હારે અન્તર ઉછળે અંકોર,
જીવન ઝોલે ચ્હડે.

*

૭૯ : પધારો ફૂલફૂલડે, અમરેશ!

બગીચો બેશ રચ્યું દિલદેશ,
પધારો ફૂલફૂલડે, અમરેશ!

ચ્હડીને આંબલાની ડાળ, મંજરી પ્રાશી ર્‌હેલી,
કરૂં છું કોકિલા ટહુકાર તુજ દીદારઘેલી;
દરસની આરઝૂ મુજ રાજ! દર્શન દઇ છીપાવો:
પધારો પ્રેમપગલે, છું જનમજોગણ એકેલી.

વસન્તની બ્હલાવો કંઇ બહાર,
ભરો અમ ગુલસૂના ગુલઝાર.

બગીચો બેશ રચ્યું દિલદેશ,
પધારો ફૂલફૂલડે, અમરેશ!

૮૦ : યુગ ઉછળે નયનનમાં

યુગ ઉછળે નયનનમાં,
હરિ ! ત્હારે યુગ ઉછળે નયનનમાં.

યુગ યુગાન્તર, વિશ્વોની ભરતી,
વીજ વહે દૃગઘનમાં:
હરિ ! ત્હારે યુગ ઉછળે નયનનમાં.

દિશદિશ પ્રોવતી પ્રાગટ પ્રગટે;
ત્યમ પ્રોવે ત્રિભુવન આ:
હરિ ! ત્હારે યુગ ઉછળે નયનનમાં.

યોગ યોગેશ્વર, કાળના કાળ એ
આજ દીઠા કુરુરણમાં:
હરિ ! ત્હારે યુગ ઉછળે નયનનમાં.

યુગ ઉછળે નયનનમાં,
હરિ ! ત્હારે યુગ ઉછળે નયનમાં.

卐

૮૧ : આવો, માણો રસિકવરની કુંજે

આવો, માણો રસિકવરની કુંજે, રસરાજ !
 ગગનદેશે અનન્તમાં ખેલે છે વ્રજચન્દ;
દિશાકાળનાં લોચનિયાં ઝીલે એ આનન્દ:
 ગગગનદેશે અનન્તમાં ખેલે છે વ્રજચન્દ.

પરમ નિઃસીમને ઘાટ રાસ રચિયો સખે;
જાણે કિરણોને અંગ ચન્દ્ર કવિતા લખે !
હૈયા હૈયાને ઘાટે ગાજે એ પડછન્દ:
ગગનદેશે અનન્તમાં ખેલે છે વ્રજચન્દ.

૮૨ : હો વ્રજરાજ ! ત્હારી વાંસળીએ

હો વ્રજરાજ ! ત્હારી વાંસળીએ
લખ્યું કંઇ કંઈ આંખડી-આંખડીએ,
વ્રજરાજ ! ત્હારી વાંસળીએ.
લખ્યું હૃદયકમળની પાંખડીએઃ
હો વ્રજરાજ ! ત્હારી વાંસળીએ.

પ્રેમપરિમળ પૂર્યાં પરમ કંઇ
નર્તન્તાં ફૂલફૂલડિયે,
વ્રજરાજ ! ત્હારી વાંસળીએ.
લખ્યું વનની વેલડવેલડીએઃ
હો વ્રજરાજ ! ત્હારી વાંસળીએ.

ઈન્દ્રરંગ ચીતરી રસમન્ત્રો
લખ્યા ઘૂમતી રસવાદળીએ,
વ્રજરાજ ! ત્હારી વાંસળીએ.
લખ્યું રાસરમણુ રૂપપૂતળીએ :
હો વ્રજરાજ ! ત્હારી વાંસળીએ.

હેમાવેણુ હૃદયગ્રન્થિઓ
    અજબ સલૂણી લખી વીજળીએ;
    વ્રજરાજ ! ત્હારી વાંસળીએ.
લખ્યું કંઇ કંઇ તારલી—તારલીએઃ
    હો વ્રજરાજ ! ત્હારી વાંસળીએ.

અભયવચન દીધ જનકુળને
    અમે સાંભળ્યું એ તે ગોકુળિયે;
    વ્રજરાજ ! ત્હારી વાંસળીએ.
લખ્યું જગપાવન તુજ પાવલિયે,
    હો વ્રજરાજ ! ત્હારી વાંસળીએ.

હો વ્રજરાજ ! ત્હારી વાંસળીએઃ
હો વ્રજરાજ !

૮૩ : ગહન રંગો સનાતન

અજબ આ વિશ્વલીલાના ગહન રંગો સનાતન;
સરોવરપાથર્યાં જળ, એ અકળ રંગો સનાતનઃ
અજબ આ વિશ્વલીલાના વિ.

ભૂખ્યાંધરવન્તી ધરતીના, તૃષા ઠારન્ત ઘનના,
જગત્કલ્યાણના અદ્‌ભુત સકલ રંગો સનાતનઃ
અજબ આ વિશ્વલીલાના વિ.

વડા વાતાવરણના, કાળના, શશિસૂર્ય કેરા,
કૂકીશીના, જહાંગિરિના વિરલ રંગો સનાતનઃ
અજબ આ વિશ્વલીલાના વિ.

હયાના, બંદગીના, દુઃખસુખના, સાધુતાના,
કવિતાના કુવારાના પરમ રંગો સનાતનઃ
અજબ આ વિશ્વલીલાના વિ.

મહાસાગર શું ભરિયું આભ, એ રંગો સનાતન;
પ્રીતમના ને પ્રિયાના પ્રેમના રંગો સનાતનઃ
સુભટના, સન્તના, સૌન્દર્યના રંગો સનાતન.

૮૪ : આવ્યાં જગતનાં ન્હોતરાં

આવ્યાં જગતનાં ન્હોતરાં ચાલો વિશ્વ વધાવા;
નયણાં આ ઢળી ઢળી જાય,
વિશ્વનો રાજ વધાવા.

આવ્યાં ગગનનાં ન્હોતરાં, ચાલો વિશ્વ વધાવા;
આતમ આ ઉડું ઉડું થાય,
વિશ્વનો રાજ વધાવા.

પંખીની પાંખમાં પ્રેરણા, ચાલો વિશ્વ વધાવા;
ઉડવાના એને ઉમંગ,
વિશ્વનો રાજ વધાવા.

માનવ પ્રાણમાં ઝંખના, ચાલો વિશ્વ વધાવા;
આતમઉછાળા અભંગ,
વિશ્વનો રાજ વધાવા.

નથી રે આડચ, નથી આગળા, ચાલો વિશ્વ વધાવા;
નથી રે સીમાઓને ઘાટ,
વિશ્વનો રાજ વધાવા.

ઉંચે-ઉંચે, આ દિગન્તમાં ચાલો વિશ્વ વધાવા;
ઉઘડે અનન્તની વાટ,
વિશ્વનો રાજ વધાવા.

આવ્યાં અનન્તનાં ન્હોતરાં, ચાલો વિશ્વ વધાવા;
ઘૂઘવે દિગન્તના ઘાટ,
વિશ્વનો રાજ વધાવા.

આતમઆનન્દી હો ! આવજો, ચાલો વિશ્વ વધાવા;
વિહરે લ્હેરખડે વિરાટ,
વિશ્વનો રાજ વધાવા.

૯૩ : વિરાટનો હિન્ડોળો

વિરાટનો હિન્ડોળો ઝાકમઝોર;
કે આભને મોભે બાંધ્યા દોરઃ
વિરાટનો હિન્ડોળો.

પુણ્યપાપ દોર, ને ત્રિલોકનો હિન્ડોળો,
ફરતી ફૂમતડાંની ફોર;
કૂકડીએ કૂકડીએ વિધિના નિર્માણમન્ત્ર
ટહુકે તારલિયાના મોરઃ

વિરાટનો હિન્ડોળો ઝાકમઝોરઃ
વિરાટનો—

૮૧ : જગતમાં જાગી પૂરણ જ્યોત

જગતમાં જાગી પૂરણ જ્યોત !
પ્રગટિયો વિશ્વજ્યોત પ્રદ્યોતઃ
જગતમાં જાગી પૂરણ જ્યોત.

શૂર આનન્દે, સન્ત આનન્દે, આનન્દે દેવનો ઘાટ;
આનન્દે–આનન્દે નવલખ તારલા,
થેઇ થેઇ નાચે વિરાટ :
જગતમાં જાગી પૂરણ જ્યોત.

ઉર ઉઘડ્યાં; કંઇ આત્મન્ ઉઘડ્યાં, ઉઘડ્યાં ચૌદે લોક;
ઉઘડ્યાં–ઉઘડ્યાં આભનાં બારણાં,
બ્રહ્મમહેલના ચોક :
જગતમાં જાગી પૂરણ જ્યોત.

અણુઅણુ ‘ જય જય ’ ‘ જય જય ’ ઉચરે,
‘ જય ’ ઉચરે સંસાર;
કાળઝાળ ને વિરાટ વદે આ
હરિનો જયજયકાર :
જગતમાં જાગી પૂરણ જ્યોત.

૮૭ : પ્રભાતને જ પ્રકાશ ચીતર્યાં

મ્હેં પ્રભાતને જ પ્રકાશ ચીતર્યાં
પ્રેમ ઝીલતાં, નાથ !
મ્હેં સન્ધ્યાને આનન્દ ચીતર્યાં
પ્રેમ ઝીલતાં, નાથ !
તુજ પ્રેમ ઝીલતાં, નાથ !

પછી ફૂલ ચીતર્યાં, પાન ચીતર્યાં,
ચીતર્યાં કોયલમોર;
ને મોરના ચાંદલિયા ચીતર્યાં,
પ્રેમ ઝીલતાં, નાથ !

મ્હેં સ્નેહીનાં સામૈયાં ચીતર્યાં
પ્રેમ ઝીલતાં, નાથ !
મ્હેં સુન્દરીનાં હૈયાં ચીતર્યાં
પ્રેમ ઝીલતાં, નાથ !
તુજ પ્રેમ ઝીલતાં, નાથ !

૮૮ : હરિની રમણાએ અમે નીસર્યાં

રસની રમણાએ અમે નીસર્યાં રે લોલ;
ભવ્યભાગ્ય અમે બ્રહ્મનન્દિની
આનન્દિની રે લોલ:
હરિની રમણાએ અમે નીસર્યાં રે લોલ.

કાળકન્દરાની હું તો કાળિકા રે લોલ;
જન્મમૃત્યુ નેણનાં મુજ હાસ:
બ્રહ્મનન્દિની
આનન્દિની રે લોલ:
હરિની રમણાએ અમે નીસર્યાં રે લોલ.

લોકલોકની અમે વિધાત્રીઓ રે લોલ;
ઉદયઅસ્ત એ અમારા રાસ:
બ્રહ્મનન્દિની
આનન્દિની રે લોલ:
હરિની રમણાએ અમે નીસર્યાં રે લોલ.

આનન્દચૌદશે હું અવતરી રે લોલ;
ઝીલું આનન્દના રસલ્હાવઃ
બ્રહ્માનન્દિની
આનન્દિની રે લોલઃ
હરિની રમણાએ અમે નીસર્યાં રે લોલ.

વિશ્વવિશ્વના વિહારે વિહરતી રે લોલ;
સૃજનપ્રલય ખેલિયે ધૂપછાંવઃ
બ્રહ્માનન્દિની
આનન્દિની રે લોલઃ
હરિની રમણાએ અમે નીસર્યાં રે લોલ.

૮૯ : લોકલોકનો રાસ

નિરખો આ રાસ લોકલોકના રે,
રમે સૃષ્ટિ ને સૃજનાર;
રમે સૃષ્ટિ ને સૃજનાર;

અંગુલિમાં અંગુલિ પરોવીને
ખેલે તેજ ને અન્ધાર;
ખેલે તેજ ને અન્ધાર:
રસનાં ઉછળે રંગહેલિયાં.

પુરૂષ ને પ્રકૃતિની બેલડી રે,
ફરે ફૂદડી અનન્ત;
ફરે ફૂદડી અનન્ત;

તણખા વેર્યાં નયનતેજના,
ત્હેનાં બનિયાં બ્રહ્માંડ;
ત્હેનાં બનિયાં બ્રહ્માંડ:
રસનાં ઉછળે રંગહેલિયાં.

પૃથ્વી ફરતો ફરે ચંદ્રમા રે,
પૃથ્વી સૂર્યને ઘેરાટ;
પૃથ્વી સૂર્યને ઘેરાટ;

સૂર્યે ચોપાસ મહાસૂર્યની;
એમ ઘૂમતો વિરાટ;
એમ ઘૂમતો વિરાટઃ
રસનાં ઉછળે રંગહેલિયાં.

રાજા પ્રજા ને મહાપ્રજા રે
વ્યષ્ટિ સમષ્ટિ સમસ્ત;
વ્યષ્ટિ સમષ્ટિ સમસ્ત;

દેહી ને દેહની લીલાકલાઃ
સૌના ઉદયો ને અસ્ત;
સૌના ઉદયો ને અસ્તઃ
રસનાં ઉછળે રંગહેલિયાં.

૯૦ : નીલો કમળરંગ વીંઝણો

*

નીલો કમળરંગ વીંઝણો, હો નન્દલાલ !
રઢિયાળો રતનજડાવ, મોરા નન્દલાલ !
બ્રહ્મા વીંઝે બ્રહ્મવીંઝણો, હો નન્દલાલ !

સોનાનો સૂરજ શોભિતો, હો નન્દલાલ !
રૂપેરી ચન્દની બિછાવ, મોરા નન્દલાલ !
બ્રહ્મા વીંઝે બ્રહ્મવીંઝણો, હો નન્દલાલ !

કોરે મોરે ભર્યાં હીરલા, હો નન્દલાલ !
ઝાલરે ઝીક કેરી વેલ, મોરા નન્દલાલ !
બ્રહ્મા વીંઝે બ્રહ્મવીંઝણો, હો નન્દલાલ !

દાંડી બ્રહ્માજીના હાથમાં, હો નન્દલાલ !
માનવીના ભાગ્યના એ ખેલ, મોરા નન્દલાલ !
બ્રહ્મા વીંઝે બ્રહ્મવીંઝણો, હો નન્દલાલ !

૯૧ : અણુઅણુમાં રમે રાસ

અણુઅણુમાં રમે રાસ,
સન્તન ! ઝાંખી કરો રી.

ડાળીએ ડોલે ને મંજરીએ મ્હેકે;
ફૂલફૂલમાં હસે હાસઃ
સન્તન ! ઝાંખી કરો રી.

વાયુમાં વહેતો ને કિરણોમાં રમતો,
પ્રેમીની પૂરન્તો પ્યાસઃ
સન્તન ! ઝાંખી કરો રી.

રાત્રીએ શશિયર, દિવસે દીવાકર;
વિરહીના ભરે ઉરવાસ :
સન્તન ! ઝાંખી કરો રી.

૯૨ : બ્રહ્માનન્દ

અહો ! આથમે આળપંપાળ, અંગોઅંગ ફોરાં ફૂટેઃ
આઘે–આઘે અનન્તની પાળ પ્રભુની પ્રભા ઉમટે.

જો ! સંકોરાયે વિશ્વકોર, કંઇ કોટિકિરણ સવિતા પ્રગટે;
કંઇ તિમિર હસે, કંઈ જગ વિલસે,
જો ! સાગરગભીરા ગગનપટે.

મ્હણે ક્ષિતિજનું પોપચું, ભાઇ ! ધીમે ધીમે જો ! ઉઘડે;
જોને ! બ્રહ્માંડની કીકી માંહી અમીનું કિરણ ચ્હડે.

ઓ ! ફાટે ગેબની ગુફા, મંહી જો ! નૂરપૂર ઉછળે, વ્હાલાં !
કંઇ અજબ રસે આ દિલ હુલસે,
જો ! પરબ્રહ્મનાં અજવાળાં.

અહો ! આથમે જગઅન્ધકાર, આનન્દફૂવારા ફૂટે;
આઘે–આઘે બ્રહ્માંડની પાર બ્રહ્માનન્દ જો ! પ્રગટેઃ
આઘે–આઘે ને આત્મા મોઝાર પરમાનન્દ જો ઉલટે.

૯૩ : આયુષ્યનો છોડ

આ પ્રારબ્ધ કેરી વાડીએ ફૂલ વીણજો રે!
કાંઈ ઉગ્યો આયુષ્યનો છોડ,
રસિક! ફૂલ વીણજો રે!

આ જગતકુંજની ઝૂકી ઘટા, ફૂલ વીણજો રે!
કાંઇ પૂરજો ઉરના કોડ,
રસિક! ફૂલ વીણજો રે!

પેલા ફૂટે ફૂવારા તેજના, ફૂલ વીણજો રે!
સન્ધ્યાના સોનેરી અન્ધારઃ
રસિક! ફૂલ વીણજો રે!

અને ચન્દ્ર ઢાળે રૂડી ચન્દની, ફૂલ વીણજો રે!
ત્યંહી વીણજો સંસારના સારઃ
રસિક ફૂલ વીણજો રે!

કંઈ કેસરની અર્ચા કરી, ફૂલ વીણજો રે!
જગે ચન્દન ચોળ્યાં અંગઃ
રસિક! ફૂલ વીણજો રે

મ્હણે કુંકુમના પૂર્યા સાથિયા, ફૂલ વીણજો રે !
ત્ય્હાં છે આનન્દવર્ણા સુગન્ધઃ
રસિક ! ફૂલ વીણજો રે !

મીઠી કળીઓ સુખની ઉઘડે, ફૂલ વીણજો રે !
એથી મીઠડા દુઃખના લ્હાવ :
રસિક ! ફૂલ વીણજો રે !

આ દુનિયાં વાડી છે દેવની, ફૂલ વીણજો રે !
મંહી ખેલે મનુજ ધૂપછાંવ;
રસિક ! ફૂલ વીણજો રે !

૬૪ : અગમ્યનાં પાથરણાં

અજવાળાં આછાં આછાં થાય,
  કંઈ અણુરવ પગલે
    આભની ભરતી ઉભરાય.

છાની છાની મનમલકાતી, સ્મિતના પલવટ પાથરતી,
ધીરી ધીરી રજની જો ! છલકાય:
  કંઇ અણુરવ પગલે
    આભની ભરતી ઉભરાય.

ઉડતી કુંકુમવાદળીએ, વેરેલી ફૂલપાંખડીએ
દિનની જતી પગલીઓ ઝંખાય:
  કંઇ અણુરવ પગલે
    આભની ભરતી ઉભરાય.

તરુવરના ઝૂમખાંમાંનાં, ઘરઘરના ઝરૂખામાંનાં
અજવાળ્યાં અન્ધારાં ઢળી જાય:
  કંઇ અણુરવ પગલે
    આભની ભરતી ઉભરાય.

નિરખી નભનો તારલિયો, રૂમઝૂમતો કુળદીવડિયો,
રસિકોનાં લોચનિયાં લહેરાય:
  કંઇ અણુરવ પગલે
    આભની ભરતી ઉભરાય.

સન્ધ્યાની સન્ધિકામાં, ચન્દ્રાની ચન્દ્રિકામાં,
અગમ્યનાં પાથરણાં પથરાય:
 કંઈ અણુરવ પગલે
  આભની ભરતી ઉભરાય.

 અજવાળાં આછાં આછાં થાય,
 કંઇ અણુરવ પગલે
  આભની ભરતી ઉભરાય.

૯૫ : આનન્દના આરા

૧. આ ઝીંદગીના જહાજે
   ચ્હડી જ્યહાં જવું છે, પ્યારા !
નયનો ઉઘાડી નિરખો
   આનન્દના એ આરા.

૨. આકાશનાં ઉભાં છે
   વૈભવભર્યાં વનો, જો !
ત્હેની ય પેલી પારે
   ચૈતન્યની એ ધારા.

૩. આ આથમી ને ઉગતા
   નથી સૂર્ય કે શશી ત્યહાં;

અદ્‌ભુત અનસ્ત ઉછળે
    ત્યંહિ તેજના ફૂવારા.

૪. બ્રહ્માંડ જ્યહાં વિરામે,
    જ્યંહિ બ્રહ્મભરતી જામે,
કિસ્મતની પાળ શા, ત્યહાં
    એ કારમા કિનારા.

૫. ભવના મહોદધિમાં
    રમણે ચ્હડી છે કિશ્તી;
સફરો ફરીને આવ્યે
    આખરના એ ઉતારા.

૯૬ : ગેબના લેખ

સરોવરિયું હ્હેકી-હ્હેકી જાય,
એ સજની ! જોને
ગેબના લેખ ત્‍હાં લખાય.

પલટાતા રંગ લખિયા, ધરતીના ઢંગ લખિયા;
દિશદિશના લખિયા ત્‍હાં સોહાગ :
એ સજની ! જોને
ગેબના લેખ ત્‍હાં લખાય.

રાતના અન્ધાર લખિયા, દિનના પ્રકાશ લખિયા;
દિલદિલના રાગ ને વિરાગ :
એ સજનિ ! જોને
ગેબના લેખ ત્‍હાં લખાય.

આથમતા ચન્દ્ર જૂવે એ, ઉગમતા સૂર્ય જૂવે એ;
પ્રારબ્ધની વાંચે આછી સાખ :
એ સજની ! જોને
ગેબના લેખ ત્‍હાં લખાય.

આશાના આનન્દ વાંચે, વિધિ લખિયા મન્ત્ર વાંચે;
સરોવરિયું ધરતીની આંખ :
એ સજની ! જોને
ગેબના લેખ ત્‍હાં લખાય.

૯૭ : મહામાયાનો રાસ

卐

નભકુલ ફૂદડી ફરે રે લોલ;
નવલખ તારલીઓને ઘેર :
નભકુલ ફૂદડી ફરે રે લોલ.

ત્રિકાળની તાળી પડે રે લોલ;
મહામાયા રમણ ચ્હડે રે લોલ;
ટહુકે પદઝાંઝરના મોરઃ
નભકુલ ફૂદડી ફરે રે લોલ.

ચન્દ્રની અમૃત ઝરે રે લોલ;
વીજળી વીંઝણ કરે રે લોલ;
ઝબકે નયનકમળની કોર :
નભકુલ ફૂદડી ફરે રે લોલ.

ત્રિલોકથી નીકળી રે લોલ;
સહિયર ટોળે મળી રે લોલ;
મચવ્યો લોકલોક મહાશોર :
નભકુલ ફૂદડી ફરે રે લોલ.

તિમિરે રજની રચે રે લોલ;
તેજની ઝડીઓ મચે રે લોલ;
રમતાં રમતાં ઉગિયો ભોર :
નભકુલ ફૂંદડી ફરે રે લોલ.

જગકુલ ઘૂમડી ઘૂમે રે લોલ;
ઘૂમતી સૃજનપ્રલયની ઝકોર;
નવલખ તારલીઓને ઘોર :
જગકુલ ફૂંદડી ફરે રે લોલ.

卐

૯૮ : આભપરો મેહુલો ગાજે મ્હલ્લાર

આભપરો મેહુલો ગાજે મ્હલ્લાર,
એને આલી ! આરાધે મોરલા ઉદાર.

રોમ રોમમાં હરિને સૂર્ય રમે,
અને ચન્દની ઢળે એનાં હાસ;
તારલીએ તારલીએ પગલીઓ પાડતો
રસિયો રમે મહારાસ :
એને આલી ! આરાધે મોરલા ઉદાર.

આભ અસીમ, મંહી સૂર્ય ઢોળાણો,
તેજનો પૂર્યો પારાવાર;
હદ-બેહદના આરા ભરી
લહરે એ અપરંપાર :
એને આલી ! આરાધે મોરલા ઉદાર.

આભપરો મેહુલો ગાજે મ્હલ્લાર,
એને આલી ! આરાધે મોરલા ઉદાર.

૯૯ : શતદલ પદ્મમાં પોઢેલો

શતદલ પદ્મમાં પોઢેલો
હો ! પરિમલ દાખવો હોય જો દીઠેલો. ધ્રુવ.

શોધ્યાં સરોવર, શોધી ફૂલવાડીઓ,
શોધી રસકુંજ જ્ય્હાં રમેલો;
શોધી આયુષ્યની મ્હોરી અમરાઈઓ:
દીઠો ન દુનિયાફેરેલો;
હો ! પરિમલ દાખવો હોય જો દીઠેલો.

ફૂલડે ફૂલડે વસન્ત શો વસેલો,
પાંખડી પાંખડી પૂરેલો,
ભ્રમર ભ્રમર કીધ સંગીતસોહામણો,
પંખિડે પંખિડે પઢેલો:
હો ! પરિમલ દાખવો હોય જો દીઠેલો.

અડધેરી પાંદડીઓ વીણતાંમાં વેરી, ને
આસવ ઢોળિયો અમોલો;
હૈયાના ધૂપ સમો ઉડતો બતાવો કોઈ
જીવનપરાગ જગતઘેલો,
હો ! પરિમલ દાખવો હોય જો દીઠેલો.

શતદલ પદ્મમાં પોઢેલો
હો ! પરિમલ દાખવો હોય જો દીઠેલો.

૧૦૦ : લહરિયાં સાગરમાં ન સમાય

લહરિયાં સાગરમાં ન સમાય;
અખનિયાં અનન્તમાં ઢોળાય;
લહરિયાં સાગરમાં ન સમાય.

ફૂલની ફોરમ ફૂલમાં ન માયે,
તટમાં સરિતા ન માય;
હૃદયકુંજના ધૂપસુરભિ સમા
ભાવ બ્રહ્માંડ વીંધી વહી જાય:
લહરિયાં સાગરમાં ન સમાય.

હોમકુંડમાં હુતાશ ન માયે,
તેજ દીપે ન પૂરાય;
રોમરોમથી કિરણો ઝરતાં
અંગમાં આતમતત્વ ન માય;
લહરિયાં સાગરમાં ન સમાય.

૧૦૧ : હરિ ૐ ! હરિ ૐ !

હરિ ૐ ! હરિ ૐ !
તુજ શરણું એ અમ પરમ ક્ષેમઃ
હરિ ૐ !

કંઇ વિવિધ શાસ્ત્રઅજવાળાં;
સાધુસન્તની ઉરજવાળા;
નભમંડપની દીપમાળા;
ફરે પ્રદિક્ષણા તુજ સૂર્યસોમ :
હરિ ૐ !

વનવનની વિપુલ સમૃદ્ધિ;
મહાજનની અઢળક બુદ્ધિ;
બ્રહ્માંડ ગાજતું નિરવધિ :
તુજ ચરણુ ઢળે નમી સકલ ભોમઃ
હરિ ૐ !

પંચેન્દ્રિય પંચ શિખાએ,
મન વાણી કર્મ જીવ કાયે,
અમ જીવનની કલા કલા યે,
તુજ કરે આરતી રોમરોમ,
હરિ ૐ !

હરિ ૐ ! હરિ ૐ !